


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 345
Dt.: 26-08-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ગુજરાત મેન્યુફેક્ચરિંગ હબ બન્યું : વડાપ્રધાન

# વડાપ્રધાન મોદીએ નિકોલમાં ૫૪૦૦ કરોડથી વધુના અનેક વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું

## ઓપરેશન સિંદુર અમારી સેનાનું શૌર્ય અને સુદર્શન ચક્રધારી મોહનના ભારતની ઈચ્છાશક્તિનું પ્રતિક બન્યું છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી પહોંચ્યા હતા. પીએમ મોદીએ હરિદર્શન ચાર રસ્તાથી નિકોલ-ખોડલધામ સુધી રોડ શો યોજ્યો હતો. પ્રધાનમંત્રી મોદીના રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે. પીએમની એક ઝલક જોવા માટે લોકો ઉમટ્યા છે. પ્રધાનમંત્રીના રોડ શોમાં ઓપરેશન સિંદૂરની ઝલક જોવા મળી રહી હતી. પીએમ મોદીએ હરિદર્શન ચાર રસ્તાથી નિકોલ-ખોડલધામ સુધી રોડ શો યોજીને સભા સ્થળે પહોંચ્યા હતા. નિકોલમાં સભા સ્થળ પર પીએમ મોદીને સ્મૃતિ ચિહ્ન આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. સભા સ્થળ પર મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ હાજર રહ્યાં હતા. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ ૫૪૦૦ કરોડથી વધુ રૂપિયાના વિકાસના કામોનું લોકાર્પણ કર્યું હતું. સભામાં મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. જેમાં તેમણે પીએમ મોદીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આ સભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા પીએમ મોદી દ્વારા જે પણ વિકાસના કામ કરાવામાં આવ્યા હતા તેનો ઉલ્લેખ કર્યો હતો. નિકોલમાં સભાને સંબોધનને કરતા વડાપ્રધાન મોદીએ અમદાવાદના જુના દિવસો યાદ કર્યા અને કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. વડાપ્રધાને કહ્યુ કે અમદાવાદ પહેલા અનેક હુલ્લડો થયા અને કેન્દ્ર સરકાર બેઠાબેઠા જોતી હતી.

વડાપ્રધાને ગુજરાતીમાં આજે તો તમે રંગ રાખ્યો છે હોં એમ કહેતા જ મોદી મોદીના નારા લાગ્યા હતાં. તેમણે કહ્યું હતું કે, ઘણીવાર વિચાર આવે કે કેવું નસીબ છે કે આ લાખો લોકોનો પ્રેમ અને આશિર્વાદ મળ્યાં છે. આપ સૌનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. તેમણે કહ્યુ હતુ કે, આ સમયે દેશભરમા ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગણપતિ બાપાના આશિર્વાદથી અમે ગુજરાતના વિકાસ સાથે જોડાયેલી અનેક યોજનાઓના શ્રીગણેશ થયાં છે. હું આ વિકાસ માટે આપ સૌને શુભકામનાઓ પાઠવું છું.

ચોમાસાની સિઝનમાં ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. દેશમાં પણ વાદળ ફાટવાની અનેક ઘટનાઓ સામે આવી છે. ટીવી પર જ્યારે વિનાશ લીલા જોઈએ છીએ ત્યારે ખુદને સંભાળવું મુશ્કેલ થઈ જાય છે. હું તમામ પ્રભાવિત લોકો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરૂ છું. ગુજરાતની આ ધરતી એ બે મોહનની ધરતી છે. એક સુદર્શન ધારી મોહન એટલે કે આપણા દ્વારકાધીશ અને બીજા ચરખાધારી મોહન એટલે સાબરમતીના સંત મહાત્મા ગાંધીની ભૂમિ છે. ભારત આજે આ બંનેના બતાવેલા રસ્તા પર ચાલીને નિરંતર સશક્ત થઈ રહ્યો છે. સુદર્શન ચક્ર ધારી મોહને આપણને શીખવાડ્યું છે કે દેશ અને સમાજની રક્ષા કેવી રીતે કરવી જોઈએ. તેમણે સુદર્શન ચક્રને ન્યાય અને સુરક્ષાનું કવચ બનાવ્યું છે. જે દુશ્મનને પાતાળમાંથી શોધીને સજા આપે છે. આજે આ ભાવ ભારતના ફેંસલાથી દુનિયા અનુભવી રહી છે.

તેમણે કહ્યું હતું કે, તમે અમદાવાદીઓએ કેવા કેવા દીવસો જોયા છે. જ્યારે હુલ્લડબાજો અને ચક્કા ચાલવનારાઓ લોકોને ઢાળી દે. કર્ફ્યૂમાં જીવન ગુજારવું પડે. વાર



તહેવારે અમદાવાદની ધરતી રક્ત રંજિત થઈ જાય છે. આતંકવાદીઓ આપણુ લોહી વહાવે છે અને દિલ્હીમાં બેઠેલી કોંગ્રેસ સરકાર કંઈજ નહોતી કરતી. પરંતુ આજે આતંકવાદી અને તેમના આકાઓને અમે છોડતા નથી. ચાહે તેઓ ક્યાંય પણ છુપાયા હોય દુનિયાએ જોયું છે પહેલગામનો બદલો ભારતે કેવી રીતે લીધો છે. ૨૨ મિનિટમાં બધુ સફાચટ કરી નાખ્યું. સેંકડો કિ.મી અંદર જઈને આતંકવાદની નાભી પર હુમલો કર્યો. ઓપરેશન સિંદુર અમારી સેનાનું શૌર્ય અને સુદર્શન ચક્રધારી મોહનના ભારતની ઈચ્છાશક્તિનું પ્રતિક બન્યું છે. ચરખા ધારી મોહન આપણા પૂજ્ય બાપુએ ભારતની સમૃદ્ધિનો રસ્તો સ્વદેશીમાં બતાવ્યો હતો. આ આશ્રમ તેનો સાક્ષી છે. જે પાર્ટીએ તેમના નામનો લાભ લઈને સત્તા સુખ ભોગવ્યું તેને બાપુની આત્માને કચડી નાંખ્યું. બાપુના સ્વદેશીના મંત્ર સાથે શું કર્યું. તમે એ લોકોના મોઢે ક્યારેય સ્વચ્છતા અને સ્વદેશી શબ્દ નહીં સાંભળ્યો હોય. આ દેશ સમજી જ નથી શકતો કે તેમની સમજને શું થયું છે. ૬૦થી ૬૫ વર્ષ દેશ પર શાસન કરનારી કોંગ્રેસ પાર્ટી ભારતને બીજા દેશો પર નિર્ભર રાખ્યો. પરંતુ આજે ભારતે આત્મ નિર્ભરતાને વિકસિત ભારતના નિર્માણનો આધાર બનાવ્યો છે. આપણા ખેડૂતો અને માછીમારો, પશુપાલકો અને ઉદ્યમીઓના દમ પર ભારત તેજીથી વિકાસના રસ્તા પર ચાલી રહ્યો છે. આત્મનિર્ભરતાના રસ્તા પર આગળ વધી રહ્યો છે. આપણા ગુજરાતમાં તો પશુપાલકો એટલી બધી સંખ્યામાં છે. પશુપાલનમાં ગુજરાતમાં બહેનોનું મોટુ યોગદાન છે. બહેનોએ પશુપાલનમાં યોગદાન આપીને આપણા ડેરી સેક્ટરને આત્મનિર્ભર બનાવ્યું. જેના ચારે તરફ જયગાન ચાલી રહ્યાં છે. આજે દુનિયામાં આર્થિક સ્વાર્થ વાળી રાજનીતિમાં સૌ કોઈ પોતાનું કરવા મથી રહ્યુ છે. તેને આપણે જોઈ રહ્યાં છીએ. હું અમદાવાદની આ ધરતી પરથી આપણા નાના ઉદ્યમીઓ અને નાના વેપારીઓ, ખેડૂતો અને મજૂરોને કહીશ કે હું ગાંધીની ધરતી પરથી બોલી રહ્યો છું. દરેક માટે હું તમને વારંવાર વાયદો કરૂ છું. મોદી માટે તમારુ હીત સર્વોપરી છે. મારી સરકાર, પશુપાલકો, ખેડૂતો અને નાના વેપારીઓનું ક્યારેય અહિત નહીં કરવા દે. આજે અમદાવાદ દેશના સૌથી સુરક્ષિત શહેરોમાંથી એક છે. ગુજરાતમાં શાંતિ અને સુરક્ષાનું જે વાતાવરણ બન્યું છે તેના સુખદ પરિણામ આપણે ચારે તરફ જોઈ રહ્યાં છીએ. આજે તમામ પ્રકારની ઈન્ડસ્ટ્રીઝનો વિસ્તાર ગુજરાતમાં થઈ રહ્યો છે. કેવી રીતે આપણું રાજ્ય મેન્યુફેક્ચરિંગ હબ બન્યું છે.

વડાપ્રધાન મોદીની ગુજરાત મુલાકાતને પગલે અમદાવાદમાં ઍરપોર્ટથી માંડીને નિકોલ-ખોડલધામ સુધી રોડ શો યોજવાની સજ્જડ તૈયારી કરાઈ હતી. આ સમગ્ર રસ્તા પર સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ખાસ સ્ટેજ ઊભા કરાયા હતા. પીએમ મોદીએ નિકોલમાં જનસભા સંબોધતા પહેલા હરિદર્શન ચાર રસ્તાથી લઈને નિકોલ ખોડલ ધામ ગ્રાઉન્ડ સુધી દોઢ કિ.મી. લાંબો રોડ શૉ કર્યો. અમદાવાદમાં વડાપ્રધાન મોદીના હસ્તે રુ. ૨૨૦૯ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમૂહુર્ત અને રૂ ૯૧૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરાયું. રૂ. ૧૩૩ કરોડથી વધુના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના આઈએસએસઆર ઘટક હેઠળ રામાપીરના ટેકરાના સેક્ટર-૩ની ઝૂંપડપટ્ટીના વિકાસનું પણ લોકાર્પણ કરાયું. આ ઉપરાંત શેલા, મણિપુર, ગોધાવી, સનાથલ અને તેલાવ માટે સ્ટ્રોમ વાન્ટર ડ્રેનેજ સિસ્ટમ સહિત અમદાવાદ શહેરના અન્ય પ્રોજેક્ટ્સનું પણ ખાતમૂહુર્ત કરાયું.

# દિવાળી નહીં દશેરા પહેલાં જ GSTમાં રાહતની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

કેન્દ્ર સરકારની જીએસટીના સ્લેબમાં ઘટાડો કરવાની ભેટ દિવાળી નહીં પણ દશેરામાં મળી શકે તેવી શક્યતાઓ જીએસટી કાઉન્સિલ દ્વારા વ્યક્ત થઈ છે. આ મામલે હાલ ડ્રાફ્ટ તૈયાર થઈ રહ્યો છે. જો ડ્રાફ્ટ સંપૂર્ણપણે યોગ્ય રહ્યો તો આગામી બેઠકમાં જ જીએસટીમાં સુધારો જાહેર કરવામાં આવશે. જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠક ૩-૪ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હી ખાતે યોજાવાની છે.

જીએસટી કાઉન્સિલના એક અધિકારીએ જણાવ્યું હતું કે, જીએસટીમાં સુધારો કરવાના પ્રસ્તાવ પર કામગીરી શરૂ થઈ ચૂકી છે. રાજ્યો સાથે આ મામલે ચર્ચા-વિચારણા પૂર્ણ થઈ છે. જેથી કેન્દ્ર સરકાર વિજયા દશમી (૨ ઓક્ટોબર) સુધીમાં જીએસટીના નવા દરો રજૂ કરી શકે છે. જો પ્રક્રિયા યોગ્ય સમયે પૂર્ણ થઈ તો તેનો અમલ દશેરા સુધીમાં થઈ શકે છે. ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ (GOM)એ ૨૦-૨૧ ઓગસ્ટના રોજ દિલ્હી ખાતે જીએસટીમાંથી ૧૨ ટકા અને ૨૮ ટકાનો સ્લેબ દૂર કરવાની ભલામણ પર બેઠક કરી હતી. આ બેઠકમાં જીએસટી સ્લેબ ચારથી ઘટાડી બે કરવા મંજૂરી આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પરથી જીએસટીમાં સુધારો કરવાની જાહેરાત કરી હતી. તેમણે આ દિવાળીએ પ્રજાને જીએસટીમાં રાહતની ભેટ આપવાનું વચન આપ્યું હતું. જેના ભાગરૂપે નાણા મંત્રાલયે જીએસટી સ્લેબ ૫ ટકા અને ૧૮ ટકા કરવાનો પ્રસ્તાવ જીએસટી કાઉન્સિલ સમક્ષ રજૂ કર્યો હતો. જેમાં લકઝરી ગુડ્સ પર ૪૦ ટકા જીએસટીની પણ ભલામણ થઈ હતી. હાલ જીએસટીના ચાર સ્લેબ ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા લાગુ છે. જેમાંથી ૧૨ ટકા અને ૨૮ ટકાનો સ્લેબ દૂર કરવા ભલામણ થઈ છે. જીએસટી સ્લેબમાં ઘટાડો કરવાથી ૧૨ ટકા અને ૨૮ ટકાના સ્લેબમાં સામેલ ચીજવસ્તુઓ અને સેવાઓને ૫ ટકા અને ૧૮ ટકાના સ્લેબમાં આવરી લેવામાં આવશે. જેમાં ૧૨ ટકાના સ્લેબમાં સામેલ ૯૯ ટકા ગુડ્સ એન્ડ સર્વિસને ૫ ટકા જ્યારે ૨૮ ટકાના સ્લેબમાં સામેલ ૯૦ ટકા ચીજવસ્તુઓને ૧૮ ટકાના સ્લેબમાં આવરી લેવામાં આવશે. આ પગલાંથી જીએસટી વધુ સુલભ બનશે તેમજ તેનું વ્યાપક નિયમન થઈ શકશે.

# ઈઝરાયેલે હૂતી વિદ્રોહીઓના ઠેકાણા પર હવાઈ હુમલા કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)યમન

એકબાજુ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધનો અંત કેવી રીતે લાવો તેની ગડમથલમાં આખી દુનિયા છે ત્યાં અચાનક બીજી બાજુ ઈઝરાયેલે યમનની રાજધાની સનામાં હૂતી વિદ્રોહીઓના ઠેકાણાઓ પર તાબડતોડ હવાઈ હુમલા કરી નાખ્યા. આ હુમલાઓમાં રાષ્ટ્રપતિ ભવનનો એક ભાગ, અસર અન હીજાજ વીજળી પ્લાન્ટ, અને ઈંધણ સ્ટોરેજ કેન્દ્રને નિશાન બનાવવામાં આવ્યા. ઈઝરાયેલની વાયુસેનાની આ કાર્યવાહીએ સમગ્ર વિસ્તારમાં હડકંપ મચાવ્યો છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે ધડાકા એટલા જોરદાર હતા કે ઘરોની બારીઓ તૂટી ગઈ અને આસપાસની ઈમારતો હલી ગઈ. WIONમાં છપાયેલા એક રિપોર્ટ મુજબ ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામીન નેતન્યાહૂએ આ હુમલાઓને હૂતી વિદ્રોહીઓ વિરુદ્ધ જવાબી કાર્યવાહી ગણાવી છે. તેમણે તેલ અવીવમાં વાયુસેનાના કમાન્ડ સેન્ટરથી કહ્યું કે, હૂતી આતંકી શાસનને હવે સમજાઈ રહ્યું છે કે ઈઝરાયેલ વિરુદ્ધ આક્રમકતાની કિંમત કેટલી ભાર છે. જે અમારા પર હુમલા કરશે તેને અમે તેનો જવાબ આપીશું. આ હુમલા શુક્રવારે રાતે યમનથી છોડાયેલી એક બેલિસ્ટિક મિસાઈલના જવાબમાં કરાયા, જેમાં હૂતી વિદ્રોહીઓએ પહેલીવાર ક્લસ્ટર બોમ્બ વોરહેડનો ઉપયોગ કર્યો હતો. ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો કે જે ઠેકાણાઓ પર હુમલા કરાયા તેનો ઉપયોગ હૂતી વિદ્રોહીઓ સૈન્ય ગતિવિધિઓ માટે કરતા હતા. રક્ષામંત્રી ઈઝરાયેલ કાટ્ઝે કહ્યું કે અમે હૂતીઓના રાષ્ટ્રપતિ ભવન, વીજળી પ્લાન્ટ અને ઈંધણ ડેપોને નષ્ટ કર્યા. અમે હવાઈ અને નેવી નાકાબંધી ચાલુ રાખીશું. જો કે યમન તરફથી રાષ્ટ્રપતિ ભવનના સંપૂર્ણ નષ્ટ થવાની પુષ્ટિ થઈ નથી. હૂતી મીડિયાએ જણાવ્યું કે હુમલાઓમાં વીજળી પ્લાન્ટ અને ગેસ સ્ટેશનને નુક્સાન પહોંચ્યું અને અનેક લોકો ઘાયલ થયા. સ્થાનિક રહીશ હુસૈન મૌહમ્મદે કહ્યું કે વિસ્ફોટ એટલા જોરદાર હતા કે સમગ્ર ઘર ધ્રુજી ઉઠ્યું. બાળકો ડરના માર્યા રડવા લાગ્યા. એક અન્ય રહીશ અહમદ અલ મેખલાફીએ જણાવ્યું કે ધડાકાથી બારીઓ ખખડી ગઈ અને આસપાસની ઈમારતોને પણ નુકસાન પહોંચ્યું. હૂતી વિદ્રોહીઓએ ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા જેના જવાબમાં આ કાર્યવાહી થઈ. હૂતીનો દાવો છે કે તેઓ પેલેસ્ટાઈનના સમર્થનમાં ઈઝરાયેલ પર હુમલા કરી રહ્યા છે. આ હુમલો મધ્ય પૂર્વમાં વધતા તણાવનો હિસ્સો છે. હૂતી વિદ્રોહીઓને ઈરાનનું સમર્થન છે અને તેઓ લાલ સાગરમં પણ જહાજો પર હુમલા કરી ચૂક્યા છે. ઈઝરાયેલની આ કાર્યવાહીએ ક્ષેત્રીય તણાવ વધાર્યો છે. જો કે ઘાયલોની સટીક સંખ્યા અને નુકસાનની વિગતો હજુ સામે આવી નથી.

# પ્રધાનમંત્રી મોદીએ ગુજરાતમાં રૂા.૧,૪૦૦ કરોડથી વધુના રેલ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યા

### માનનીય વડાપ્રધાને મહેસાણા-પાલનપુર ડબલિંગ અને કલોલ-કડી-કટોસણ રોડ અને બેચરાજી-રણુંજ રેલ્વે લાઈનના ગેજ કન્વર્ઝનનું ઉદ્ઘાટન કર્યું

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સોમવાર, ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ગુજરાત મુલાકાત દરમિયાન રૂા. ૧૪૦૦ કરોડથી વધુના રેલ્વે પ્રોજેક્ટ્સની શ્રેણી રાષ્ટ્રને સમર્પિત કરી. આમાં મહેસાણા-પાલનપુર રેલ લાઈનનું ડબલિંગ, કલોલ-કડી-કટોસણ રોડ રેલ લાઈન અને બેચરાજી-રણુંજ રેલ લાઈનનું ગેજ રૂપાંતરણ, કટોસણ રોડ અને સાબરમતી વચ્ચે નવી પેસેન્જર ટ્રેન અને બેચરાજી રેલ્વે સ્ટેશનથી કાર ભરેલી ફ્રેટ ટ્રેનને લીલી ઝંડી આપવાનો સમાવેશ થાય છે. મુખ્ય કાર્યક્રમ અમદાવાદમાં યોજાયો હતો અને આ કાર્યક્રમમાં ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માનનીય કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સીઆર પાટીલ અને અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. ઉપરાંત, કડી રેલ્વે સ્ટેશન અને બેચરાજી ખાતે સ્થાનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંબંધિત સાંસદો, ધારાસભ્યો, સ્થાનિક પ્રતિનિધિઓ વગેરે હાજર રહ્યા હતા. આ પ્રોજેક્ટ્સ ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાઓને લાભ થશે. તેઓ પ્રાદેશિક જોડાણ વધારશે, ઔદ્યોગિક વિકાસને વેગ આપશે, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં સુધારો









કરશે અને રોજગારીની નવી તકોનું સર્જન કરશે તેવી અપેક્ષા છે.

૬૫ કોલીમીટર લાંબી મહેસાણા-પાલનપુર રેલ લાઈનનું ડબલિંગ ? ૫૩૭ કરોડના ખર્ચે પૂર્ણ થયું છે, જ્યારે ૩૭ કિમી લાંબી કલોલ-કડી-કટોસણ રોડ રેલ લાઈનને રૂા.૩૪૭ કરોડના ખર્ચે બ્રોડગેજમાં રૂપાંતરિત કરવામાં આવી છે. તેવી જ રીતે, ૪૦ કિલોમીટર લાંબી બેચરાજી-રણુંજ રેલવે લાઈનને પણ ૫૨૦ કરોડના ખર્ચે બ્રોડગેજમાં રૂપાંતરિત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાથી ખાસ કરીને મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓ સાથે સરળ, સુરક્ષિત અને વધુ એકીકૃત કનેક્ટિવિટી સુનિશ્ચિત થઈ છે. આનાથી રોજિંદા મુસાફરો, પ્રવાસીઓ અને વ્યવસાયો માટે મુસાફરી ઘણી સરળ બની છે, સાથે સાથે પ્રાદેશિક આર્થિક એકીકરણને પણ પ્રોત્સાહન મળ્યું છે.

રેલવે લાઈનને ડબલીંગ કરવાથી લાઈનની ક્ષમતામાં વધારો થયો છે, જેના કારણે અમદાવાદ-દિલ્હી કોરિડોર પર હાઈ-સ્પીડ ટ્રેનો દોડાવવાનું શક્ય બન્યું છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી ટ્રાફિક કન્જેશનમાં કંઈ અને ક્રોસિંગને કારણે બિનજરૂરી રીતેપેસેન્જર ટ્રેનોને રોકાવવાની સમસ્યામાં ઘટાડો થયો છે , જેનાથી ટ્રેનોની સમયપાલનતા સુનિશ્ચિત થઈ છે. આ વિકાસને કારણે વધુ મુસાફરોની સેવાઓની શરૂઆત થઈ છે અને માલવાહક કાર્યક્ષમતામાં સુધારો થયો છે, જેનાથી ગુજરાતમાં આર્થિક પ્રવૃત્તિને નવી ગતિ પ્રાપ્ત થઈ છે.

૩૭ કિમી લાંબી કલોલ-કડી-કટોસણ રોડ રેલ લાઈનને રૂા.૩૪૭ કરોડના ખર્ચે બ્રોડગેજમાં રૂપાંતરિત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટથી આ પ્રદેશમાં મુસાફરો અને માલસામાનની કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો થયો છે. આ ગેજ રૂપાંતરણથી રાષ્ટ્રીય બ્રોડ-ગેજ રેલ નેટવર્ક સાથે નિર્બાધ એકીકરણ સુનિશ્ચિત થયું છે, જેનાથી માલ અને લોકોની ઝડપી અને વધુ કાર્યક્ષમ અવરજવર શક્ય બની છે. આ પ્રોજેક્ટ ખાસ કરીને સ્થાનિક મુસાફરો, કડી અને કલોલની આસપાસના, નાના વ્યવસાયો અને ઉદ્યોગો માટે ફાયદાકારક છે, જે ગુજરાતના મહત્વપૂર્ણ ઔદ્યોગિક અને કૃષિ કેન્દ્રો છે. તે મુસાફરીનો સમય પણ ઘટાડે છે, અમદાવાદ અને ગાંધીનગર સુધી પહોંચને ઉત્તમ બનાવે છે અને આસપાસના વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપે છે.

બેચરાજી-રણુંજ રેલ લાઈનનું ગેજ રૂપાંતર રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ અને મલ્ટિમોડલ કનેક્ટિવિટી માટે પ્રધાનમંત્રી ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન અનુસાર કરવામાં આવ્યું છે. આ પહેલ લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડે છે અને રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ પ્રદર્શન ઈન્ડેક્સમાં ગુજરાતનું સ્થાન વધુ મજબૂત બનાવે છે, જેનાથી ઉત્તર ગુજરાતની સામાજિક-આર્થિક પ્રગતિને વેગ આપે છે તેમજ ભારતના લોજિસ્ટિક્સ અને રેલવે ક્ષેત્રોમાં એક માપદંડ સ્થાપિત કરે છે.

આ પ્રસંગે માનનીય પ્રધાનમંત્રીએ કડી રેલવે સ્ટેશનથી કટોસન રોડ-સાબરમતી મેમુ ટ્રેનની ઉદ્ઘાટક સેવા અને બેચરાજી રેલવે સ્ટેશનથી કાર ભરેલી ફ્રેટ ટ્રેનને પણ લીલી ઝંડી આપી રવાના કરી. આ નવી પેસેન્જર સેવા ધાર્મિક સ્થળો સુધી વધુ સારી પહોંચ પૂરી પાડે છે, પ્રદેશના દૈનિક મુસાફરોને લાભાન્વિત કરે છે અને પાયાના સ્તરે આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપે છે. આ માલવાહક સેવા રાજ્યના ઔદ્યોગિક કેન્દ્રો સાથે જોડાણ વધારશે, લોજિસ્ટિક્સ નેટવર્કને મજબૂત બનાવશે અને રોજગારની તકોનું સર્જન કરશે. આ સતત અને પર્યાવરણને અનુકૂળ પરિવહન પહેલ મુસાફરીનો સમય ઘટાડશે, નવા રોકાણો આકર્ષિત કરશે અને પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસને વેગ આપશે. આ બધા રેલ્વે પ્રોજેક્ટ્સ વિકસિત ગુજરાત દ્વારા વિકસિત ભારતનો નિર્માણ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.


## પશ્ચિમ રેલ્વે દ્વારા સાબરમતી ⇌ કટોસન રોડ વચ્ચે મેમુ સેવા શરૂ કરવામાં આવશે.

| ટ્રેન નં. | મૂળ સ્થાન અને ગંતવ્ય | પ્રસ્થાન | આગમન | થી અસર સાથે |
|---|---|---|---|---|
| 69249 | સાબરમતી – કટોસન રોડ | 06.45 કલાક | 08.05 કલાક | 26.08.2025 (મંગળવાર) |
| 69250 | કટોસન રોડ - સાબરમતી | 19.05 કલાક | 20.30 કલાક | 26.08.2025 (મંગળવાર) |

હોલ્ટ્સઃ કલોલ, કડી અને ભોયણી સ્ટેશનો બંને દિશામાં.

સ્ટોપના સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

પશ્ચિમ રેલવે

www.wr.indianrailways.gov.in

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

અમને ફોલો કરોઃ X.com/WesternRly | અમને ફોલો કરોઃ Instagram.com/WesternRly

તમામ આરક્ષીત ટિકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

## પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ સેન્ટ્રલ ⇌ ભાવનગર વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવાશે.

| ટ્રેન નં. | મૂળ સ્થાન અને ગંતવ્ય | ચલાવાના દિવસ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09087 | મુંબઈ સેન્ટ્રલ -ભાવનગર | તા. 27.08.2025 | 12:00 કલાક (બુધવાર) | 05:45 કલાક (બીજા દિવસે) |
| 09088 | ભાવનગર - મુંબઈ સેન્ટ્રલ | તા. 28.08.2025 | 17:45 કલાક (ગુરુવાર) | 07:30 કલાક (બીજા દિવસે) |

હોલ્ટ્સ: બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર (ગુજરાત) સ્ટેશનો બંને દિશામાં.

રચના: એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સમય, વિરામ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે,મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નંબર 09087 અને 09088 માટે બુકિંગ બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલ્લું છે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલવે

wr.indianrailways.gov.in

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

અમને ફોલો કરોઃ X.com/WesternRly

અમને ફોલો કરોઃ Instagram/WesternRly

તમામ આરક્ષીત ટિકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

## તંત્રી લેખ......

### સફેદ હાથી નામે મોનોરેલ

મુંબઈની માળખાકીય સુવિધાઓમાં ધોળા હાથી કે શોભાના ગાંઠિયાનું બિરુદ મોનોરેલને આપી શકાય. ૧૧ વર્ષથી શહેરમાં મોનોરેલ કાર્યરત હોવા છતાં અને આશરે વીસેક કિ.મી.ના પટ્ટા પર દોડતી હોવા છતાં પરિવહનના ઉપયોગી અને અસરકારક માધ્યમ તરીકે તેની ગણના થતી નથી. આર્થિક રીતે નુકસાનીમાં ચાલતી મોનોરેલની બે દિવસ મુંબઈમાં ધમરોળનાર વરસાદના બીજા દિવસે ઉપયોગી થવાનો વારો આવ્યો ત્યારે આ સેવા અટકી ગઈ હતી. એટલું જ નહીં, ૫૮૨ જણ ભરેલી મોનોરેલની બે રેક અધવચ્ચે અટકી પડી ત્યારે અનેકના જીવ પડીકે બંધાઈ ગયા હતા. સદ્નસીબે, મોનોરેલ અટકી પડી એના કારણે કોઈ અપ્રિય ઘટના બની નહોતી, પણ ફાયરબ્રિગેડે આગ ઓલવવા માટેની વિશાળકાય સીડીઓનો ઉપયોગ મોનોરેલમાં અટવાઈ ગયેલા ઉતારુઓને બહાર કાઢવા માટે કરવો પડયો. મંગળવારે સાંજે છ વાગીને આડત્રીસ મિનિટે ભક્તિ પાર્ક અને મૈસૂર કોલોની વચ્ચે એક મોનોરેલ અટકી ગઈ હતી, તો આચાર્ય અત્રે તથા વડાલા મોનોરેલ સ્ટેશન વચ્ચે સાંજે સાડાસાત વાગ્યાની આસપાસ બીજી મોનોરેલ ખોટકાઈ ગઈ હતી. મોનોરેલના સંચાલકોએ આ બે ઘટના માટે રેકમાં ક્ષમતા કરતાં વધુ ઉતારુઓ હોવાનું કારણ આગળ કરી પોતાનો બચાવ કર્યો છે, તો રાજ્ય સરકારે ટેકનિકલ પ્રોબ્લેમ હોવાનું જણાવી વધુ તપાસનું આશ્વાસન આપ્યું છે. છેક શરૂઆતથી જ વિવાદમાં રહેલી મોનોરેલે અણીના સમયે મુંબઈગરાને દગો આપ્યો હોય એવી આ પહેલી ઘટના નથી. મુંબઈને શાંઘાઈ બનાવવાની આંબા-આંબલી રાજકારણીઓ નાગરિકોને વર્ષોથી દેખાડયા કરે છે, પણ મુંબઈગરાના ભાગે તો દર વર્ષે ચોમાસામાં અને ક્યારેક કોઈ પણ મોસમમાં હાલાકીનો સામનો કરવાનો આવે છે. ગત સોમ અને મંગળવારે શહેર તથા ઉપનગરોને ધમરોળનાર વરસાદને પગલે રેલવે સેવા અને ઠેર-ઠેર પાણી ભરાઈ જવાને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું. મધ્ય રેલવે અને હાર્બર લાઈનની સેવા તો ઠપ થઈ ગઈ હતી. આવામાં, નોકરી-ધંધેથી ઘરે પહોંચવા માટે મોનોરેલનો આશરો લેનારા કમભાગી મુંબઈગરાઓને ત્રણ કલાક બંધ પડેલી મોનોરેલમાં ગોંધાઈ રહેવું પડયું હતું. મોનોરેલ સંચાલકોનું કહેવું છે કે, ઉતારુઓના વધુ પડતા ધસારાને કારણે મોનોરેલનું કુલ વજન ૧૦૯ મેટ્રિક ટનથી વટાવી ગયું હતું, આ ટ્રેનની મૂળ ક્ષમતા ૧૦૪ મેટ્રિક ટન છે. આ વધુ વજનને કારણે પાવર રેલ અને કરન્ટ કોલેક્ટર વચ્ચેનો મેકેનિકલ સંપર્ક તૂટી ગયો હતો, ટ્રેન ચલાવવા માટે જરૂરી વીજળીનો પ્રવાહ તેના કારણે અટકી ગયો હતો. સાંજે સાડા છ વાગ્યાથી અટકેલી મોનોરેલમાંથી ૫૮૨ ઉતારુને ઉગારવાની બચાવ કામગીરી રાત્રે સવા દસ વાગ્યા સુધી ચાલી હતી. સદ્નસીબે, કોઈને ગંભીર ઈજા કે સમસ્યા થઈ નહોતી, પણ આ ઘટનાથી મુંબઈની નબળી સુવિધાઓની પોલ વધુ એકવાર ખૂલી ગઈ હતી.

---

ANTF યુનિટ્સ દ્વારા નોંધાયેલા ગુનાઓની તપાસમાં એકસૂત્રતા જળવાશે, જેનાથી આરોપીઓને કડક સજા અપાવવાની પ્રક્રિયા વધુ સરળ બનશેઃ રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય

# ડ્રગ્સ સામેની લડાઈમાં વધુ એક મજબૂત પગલું NDPSની ડેડિકેટેડ કાર્યવાહી માટે રાજ્યભરમાં ઝોન વાઈઝ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) યુનિટ્સ બનાવવા મહત્વનો નિર્ણય

ANTF યુનિટ્સ દ્વારા સમગ્ર રાજ્યમાં નાર્કોટિક્સ નેટવર્ક સાથે જોડાયેલા ડ્રગ્સ માફિયાઓ, સપ્લાયર્સ અને પેડલર્સ સામે 'cutting edge level'ની કાર્યવાહી થશેઃ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશમાં અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે રાજ્યને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે વધુ એક મોટું પગલું ભર્યું છે. આ માટે, રાજ્યમાં ઝોન મુજબ કુલ ૬ નવી એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) યુનિટ્સ શરૂ કરવામાં આવશે, જે ડ્રગ્સના વેચાણ, હેરફેર અને ઉત્પાદન પર અંકુશ લગાવશે. આ યુનિટ્સની સ્થાપનાથી ગુજરાતમાં ડ્રગ્સ સામેની લડાઈ વધુ મજબૂત બનશે.

વર્તમાનમાં કાર્યરત નાર્કોટિક્સ સેલને વધુ શક્તિશાળી બનાવવા માટે આ ANTF યુનિટ્સ ઊભા કરી તેમાં ૧ એસ.પી., ૬ ડીવાયએસપી અને ૧૩ પીઆઈ સહિત કુલ ૧૭૭નું વધારાનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે.

અગાઉ નાર્કોટિક્સ સેલમાં ૩૪ અધિકારી કર્મચારીઓ હતા, જે હવે ANTF ઓપરેશનલ થતા ૨૧૧ અધિકારી કર્મચારીનું મહેકમ થશે. આ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માત્ર અને માત્ર NDPS સંબંધિત ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ યુનિટ્સનું સમગ્ર સુપરવિઝન સીઆઈડી ક્રાઈમ દ્વારા કરવામાં આવશે.

આ છ નવા ANTF યુનિટ્સ ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને બોર્ડર ઝોનમાં કાર્યરત થશે. આ ઝોનલ માળખું રાજ્યના દરેક ખૂણામાં ડ્રગ્સ નેટવર્કને તોડવામાં મદદ કરશે.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, આ યુનિટ્સ દ્વારા સમગ્ર રાજ્યમાં નાર્કોટિક્સ નેટવર્ક સાથે જોડાયેલા ડ્રગ્સ માફિયાઓ, સપ્લાયર્સ અને પેડલર્સ સામે 'cutting edge level'ની કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે જણાવ્યું કે, આ ઝોન વાઈઝ પોલીસ સ્ટેશનો દ્વારા ડ્રગ્સના ગુનાઓની તપાસમાં એકસૂત્રતા જળવાઈ રહેશે. ANTF યુનિટ્સ દ્વારા નોંધાયેલા ગુનાઓની તપાસ વ્યવસ્થિત રીતે થઈ શકશે, જેનાથી આરોપીઓને કડક સજા અપાવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે.

રાજ્યને ડ્રગ્સના દૂષણથી મુક્ત કરવાના સંકલ્પને સાર્થક કરવા માટે એ નિર્ણય મહત્વપૂર્ણ સાબિત થશે, જે ડ્રગ્સ વિરુદ્ધની લડાઈમાં એક ઐતિહાસિક પગલું છે.

ANTF યુનિટ્સની મુખ્ય વિશેષતાઓ

તપાસમાં સુપરવિઝનઃ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS કેસોની તપાસમાં 'ટોપ ટુ બોટમ' અને 'બોટમ ટુ ટોપ' અભિગમ અપનાવવામાં આવશે, જેમાં ANTF યુનિટનું સુપરવિઝન અસરકારક સાબિત થશે.

ડેટા એનાલિસિસ અને ઈન્ટેલિજન્સ યુનિટઃ આ નવા યુનિટ્સમાં ડેટા એનાલિસિસ અને ઈન્ટેલિજન્સ યુનિટ પણ કાર્યરત રહેશે. આ યુનિટ્સ વારંવાર NDPSના ગુના આચરતા તત્વો, સિન્ડિકેટ માળખું અને ઈન્ટર-સ્ટેટ નાર્કો ઓફેન્ડર્સની માહિતી એકત્રિત-સંકલિત કરીને ડેટા આધારે એનાલિસિસ કરી આ પ્રકારના ગુનેગારો સામે સઘન કાર્યવાહી કરવા ANTF યુનિટ મહત્વની ભૂમિકા ભજવશે.

PIT NDPS કાર્યવાહીને વેગઃ જે રીતે અસામાજિક તત્વો સામે પાસા (PASA) હેઠળ કાર્યવાહી થાય છે, તે જ રીતે NDPSના ગુનેગારો સામે પીટ એનડીપીએસ (PIT NDPS) હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે, ડેટા એનાલિસિસ અને ઈન્ટેલિજન્સ યુનિટની મદદથી હવે ANTF દ્વારા ડ્રગ્સ માફિયાઓ સામે કડક પગલાં ભરવામાં વેગ મળશે.

---

# ઉત્તર પ્રદેશના બુલંદ શહેર નજીક ગમખ્વાર માર્ગ અકસ્માતઃ ૮ લોકોના મોત ૪૩ ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)બુલંદ શહેર

ઉત્તર પ્રદેશના બુલંદ શહેર નજીક મોટી દુર્ઘટના સર્જાઇ છે. જેમાં એક રોડ અકસ્માતમાં આઠ લોકોના મોત થયા છે અને ૪૩ લોકો ઘાયલ થયા છે. આ અંગે મળતી માહિતી મુજબ કાસગંજ થી રાજસ્થાનના ગોગામેડી દર્શન માટે જતાં શ્રદ્ધાળુથી ભરેલા ટ્રેક્ટરને ટ્રકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં માર્યા ગયેલા લોકોમાં એક બાળક અને બે મહિલા પણ સામેલ છે. આ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ અંગે મળતી માહિતી મુજબ ટ્રકમાં અનાજનું ભૂસું હતું. ટ્રક ડ્રાયવરે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટના બાદ ડીએમ અને એસએસપી સહિત પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. તેમજ ઘટનાના માર્યા ગયેલા લોકોના શબને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. આ દુર્ઘટના રાત્રે ૦૨.૧૦ વાગે ઘટી હતી. પોલીસે જણાવ્યું હતું કે દુર્ઘટના અરનિયા બાયપાસ નજીક બુલંદ શહર – અલીગઢ બોર્ડર નજીક ઘટી હતી.આ દુર્ઘટના સ્થળ પર પહોંચેલી પોલીસે રાહત અને બચાવ કામગીરીમાં મદદ કરી હતી. તેમજ તપાસમાં જાણવા મળ્યું હતું કે ટ્રેક્ટર ટ્રોલીને ડબલ ડેકર બનાવવામાં આવી હતી. જેમાં ૬૧ લોકો સવાર હતા. જે કાસગંજથી રાજસ્થાનના જહારપીર યાત્રા માટે જઈ રહ્યા હતા. ત્યારે પાછળથી આવી રહેલા ટ્રકે ટ્રેક્ટરને ટક્કર મારી હતી. જેના લીધે ટ્રેક્ટર પલટી ગયું હતું.પોલીસે આ ઘટનાના ઘાયલ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા છે. આ ઘાયલોમાં બે લોકોની હાલત ગંભીર છે. જ્યારે ૧૦ ઘાયલોને અલીગઢ મેડિકલ કોલેજ રિફર કરવામાં આવ્યા છે.

---

# રૂ.૭.૬૨ કરોડની ચિટિંગના કેસમાં આરોપીના જામીન ના મંજૂર થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના અધિકારી તથા એજન્ટ તરીકેની ઓળખ આપી ટૂંકા ગાળામાં વધુ નફાની લાલચે શહેરના વૃદ્ધને અલગ અલગ પોલીસીમાં રોકાણ કરાવી રૂ. ૭.૬૨ કરોડ ઉપરાંતની ચિટિંગના કેસમાં સંડોવાયેલ આરોપીના રેગ્યુલર જામીન કોર્ટે ના મંજૂર કર્યા હતા.આરોપીઓએ ફરિયાદી યોગેશ ઝીણાભાઈ દેસાઈ (રહે - ગોરવા ,વડોદરા)નો ઓનલાઈન સંપર્ક કરી અલગ અલગ પોલીસી તથા અલગ અલગ ઈન્સ્યોરન્સ કંપનીઓમાં નાણાં રોકાણ કરાવી રોકાણના રૂપિયા નફા સાથે પરત ન આપી રૂ. ૭,૬૨,૬૪,૩૩૦ની છેતરપીંડી અંગે ગઈ તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ સીઆઈડી સાયબર ક્રાઈમ ખાતે ગુનો નોંધાયો હતો. આ ગુનામાં જેલમાં રહેલ અભયકુમાર રાજાલાલ પ્રસાદ (રહે - દિલ્હી/મૂળ રહે - બિહાર)એ સેશન્સ જજ વિપુલ કે. પાઠકની કોર્ટમાં જામીન અરજી ગુજારતા અરજી સામે વાંધો ઉઠાવી તપાસ અધિકારીએ સોંગદનામુ રજૂ કરતા ધારાશાસ્ત્રી ડીજીપી અનીલ એમ. દેસાઈની દલીલો હતી કે, ગુના વખતે ઉપયોગમાં લીધેલ અલગ અલગ ત્રણ મોબાઈલ નંબરના ધારક હાલના અરજદાર હોવાથી ગુનામાં ભૂમિકા સ્પષ્ટ થાય છે.

---

દિલ્હી હાઈકોર્ટે રદ કર્યો CICનો આદેશ

# વડાપ્રધાન મોદીની ડિગ્રી સાથે જોડાયેલી માહિતી નહીં આપીએ

## જિજ્ઞાસાના આધારે વિગતો જાહેર કરી શકાય નહીં : કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સ્નાતકની ડિગ્રી સંબંધિત માહિતી જાહેર કરવા બાબતે કેન્દ્રીય માહિતી આયોગ (CIC)નો આદેશ રદ કર્યો છે. જસ્ટિસ સચિન દત્તાએ સીઆઈસીના આદેશને પડકારતી દિલ્હી યુનિવર્સિટીની અરજી પર ૨૭ ફેબ્રુઆરીના રોજ આપેલા ચુકાદાને અનામત રાખ્યો છે. વિગતવાર ચુકાદો હજી જાહેર થયો નથી. સીઆઈસીએ ૨૦૧૬માં આરટીઆઈ કાર્યકર નીરજ કુમાર, મોહમ્મદ ઈર્શાદ સહિત આરટીઆઈના વિવિધ અરજદારોને દિલ્હી યુનિવર્સિટીમાં વર્ષ ૧૯૭૮ દરમિયાન અભ્યાસ કરી ચૂકેલા બેચલર ઓફ આર્ટ્સના વિદ્યાર્થીઓની માહિતીનું નિરીક્ષણ કરવા મંજૂરી આપી હતી. વડાપ્રધાન મોદીએ પણ આ બેન્ચમાં બીએનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. સીઆઈસીના આ આદેશને દિલ્હી યુનિવર્સિટીએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ હાઈકોર્ટે સીઆઈસીના આદેશ પર સ્ટે મૂક્યો હતો. સોલિસીટર જનરલ તુષાર મહેતાએ યુનિવર્સિટી તરફથી દલીલ કરી હતી કે, યુનિવર્સિટી પોતાના વિદ્યાર્થીઓની ડિગ્રી, માર્ક, ઉત્તરવહીઓ સહિતની શૈક્ષણિક વિગતો કાયદા અને નીતિમત્તાના વિશ્વાસ સાથે પોતાની પાસે રેકોર્ડમાં રાખે છે. જેને ત્રીજા પક્ષની જિજ્ઞાસાના આધારે આરટીઆઈ એક્ટ હેઠળ જાહેર કરી શકાય નહીં. જેમાં આરટીઆઈ એક્ટ હેઠળ કોઈ જાહેર હિત પણ નથી. જ્યારે કલમ ૮ (૧) (ઈ) અને (જે) હેઠળ આ પ્રકારની વિગતોમાં જાહેર હિત ન હોય તો તેને જાહેર કરવામાંથી મુક્તિ મળે છે. આરટીઆઈના અરજદારો તરફથી કેસ લડી રહેલા વરિષ્ઠ વકીલ સંજય હેગડે અને શાદાન ફરાસત દ્વારા દલીલ કરવામાં આવી હતી કે વ્યક્તિના પરિણામ સંબંધિત માહિતી જાહેર કરવાથી જાહેર હિત થાય છે અને યુનિવર્સિટીઓ 'વિશ્વાસુ ક્ષમતા'માં વિદ્યાર્થીની ડિગ્રી સંબંધિત માહિતી રાખતી નથી. હેગડેએ કહ્યું કે 'ચૂંટાયેલા કાર્યાલયો' મતદારોને નિર્ણય લેવા સક્ષમ બનાવવા નેતા-ઉમેદવારોની સંપત્તિ જેવી ઘણી માહિતી જાહેર કરવાની તરફેણ કરે છે અને શૈક્ષણિક લાયકાત પણ તે જ શ્રેણીમાં આવે છે. CICનો આદેશ RTI કાયદા હેઠળ સંપૂર્ણ રીતે સમાવિષ્ટ હતો અને તે ભૂલભરેલો નહોતો.

---

# ૧ થી ૭ સપ્ટેમ્બર ભાદરવી પૂનમ મહામેળો યોજાશે

## અંબાજી શક્તિપીઠમાં દેવી સતીનું હૃદય બિરાજમાન હોવાથી શ્રદ્ધાળુઓમાં વિશેષ આસ્થા

શક્તિ ભક્તિ અને શ્રદ્ધાનું સર્વોચ્ચ શિખર એટલે યાત્રાધામ અંબાજી. માતાજીનું હૃદય અહીં બિરાજમાન હોવાથી શ્રધ્ધાળુઓ આ શક્તિપીઠમાં વિશેષ આસ્થા ધરાવે છે. દેવી ભાગવત પુરાણમાં પણ શક્તિપીઠ અંબાજીનો મહિમા વર્ણવાયેલો જોવા મળે છે. આગામી ૧ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમે અહીં મોટો મેળો ભરાશે ત્યારે આવો જાણીએ શક્તિપીઠ અંબાજીનો મહિમા..

યાત્રાધામ અંબાજીમાં યોજાતા ભાદરવી પૂનમના મહામેળામાં હૈયાથી હૈયુ દળાય એવો માનવ મહેરામણ ઉમટશે. ભારત ભરમાંથી માઈ ભક્તોનું ઘોડાપૂર મેળામાં ઉમટે છે. શ્રદ્ધા વિશ્વાસ અને ભક્તિના ત્રિવેણી સંગમ સમા આ શક્તિપીઠમાં માતાજીનું હૃદય બિરાજમાન હોવાની માન્યતાને લીધે જ શ્રધ્ધાળુઓમાં અંબાજી શક્તિપીઠનું વિશેષ મહત્વ છે. મા અંબેના પ્રાગટ્યની મૂળ કથા પુરાણ ઉપર આધારીત એક કથા મુજબ પ્રજાપિતા દક્ષે બૃહસ્પતિ સક નામના મહાયજ્ઞનું આયોજન કર્યુ હતું. જેમાં દક્ષે બધા દેવોને નિમંત્રણ આપ્યુ હતું. પરંતુ પોતાના જમાઈ શંકર ભગવાનને બોલાવ્યા ન હતાં. પિતાને ત્યાં યજ્ઞ છે તેવા સમાચાર સાંભળીને ભગવાન શંકરની સમંતિ ન હોવા છતાં દેવી સતિ પિતાના ઘેર પહોંચી ગયાં. ત્યાં યોજાયેલા યજ્ઞમાં ભગવાન શિવને આમંત્રણ ન જોતાં અને પિતા દક્ષના મોઢે પતિની નિંદા સાંભળતા દેવી સતીએ યજ્ઞ કુંડમાં પડી પોતાનો પ્રાણ ત્યજી દીધો.

ભગવાન શિવજીએ દેવી સતીના નિશ્ચેતન દેહને જોઈને તાંડવ આદર્યુ અને દેવી સતીના દેહને ખભે ઉપાડી ત્રણેય લોકમાં ઘુમવા માંડ્યાં. ત્યારે આખીયે સૃષ્ટિનો ધ્વંસ થઈ જશે તેવા ડરથી ભગવાન વિષ્ણુએ પોતાનું ચક્ર છોડીને દેવી સતીના શરીરના ટુકડા કર્યા. જે પૃથ્વી પર જુદી જુદી જગ્યાએ જ્યાં જ્યાં પડ્યા ત્યાં ત્યાં શક્તિ પીઠોનું નિર્માણ થયું. આવા ૫૧ શક્તિપીઠોમાં અંબાજી શક્તિપીઠનું અનોખું અને અલગ મહાત્મ્ય હોવાથી માઈ ભક્તોમાં મા અંબેનું ધામ અંબાજી પ્રત્યે વિશેષ શ્રદ્ધા આસ્થા રહેલી છે.

દેવી ભાગવતની દંતકથા અનુસાર પૌરાણિક સમયમાં મહિષાસુર નામે સમગ્ર બ્રહ્માંડ માટે ખતરનાક રાક્ષસ હતો. તેથી ત્રિદેવ બ્રહ્મા- વિષ્ણુ- મહેશના નેતૃત્વમાં તમામ દેવતાઓ આખરે બ્રહ્માંડની સર્વોચ્ચ શક્તિ મહાદેવી આદ્યશક્તિના અંતિમ આશ્રયે ગયાં. જ્યાં બચાવ અને મદદ માટે તેમની પૂજા કરી. જેથી આદ્ય દેવી શક્તિ સૂર્યના કિરણોના તેજસ્વી વર્તુળથી ઘેરાયેલા શસ્ત્રો સાથે પૃથ્વી પર અવતર્યા અને દેવીએ તેમની પવિત્ર તલવારથી મહિષાસુર રાક્ષસને મારી નાખ્યો અને ત્યારથી તેઓ વિશ્વમાં મહિસાસુર મર્દિની તરીકે પ્રખ્યાત થઈ ગયાં.

રામાયણમાં કહેલી દંતકથા અનુસાર ભગવાન શ્રીરામ અને લક્ષ્મણ સીતાજીની શોધમાં શ્રૃંગી ઋષિના આશ્રમમાં આવ્યાં. જ્યાં તેમને ગબ્બર ઉપર દેવી અંબાજીની પૂજા કરવાનું કહેવામાં આવ્યું. ભગવાન શ્રીરામે તે મુજબ કર્યુ અને જગત માતા શક્તિ દેવી અંબાજીએ તેમને અજય બાણ નામનું ચમત્કારિક તીર આપ્યું. જેની મદદથી ભગવાન શ્રીરામે યુદ્ધમાં તેમના દુશ્મન રાવણ પર વિજય મેળવ્યો અને તેને મારી નાખ્યો.

શ્રીકૃષ્ણની ચૌલ ક્રિયા

એવી પણ એક દંતકથા છે કે દ્વાપર યુગના સમયગાળા દરમિયાન ભગવાન કૃષ્ણના વાળ પણ અહીં આ ગબ્બર ટેકરી પર કાઢવાની ક્રિયા જેને ચૌલ ક્રિયા કહેવાય છે પણ કરવામાં આવ્યા હતાં. તેમના પાલક માતાપિતા નંદ અને યશોદાએ પણ દેવી અંબાજી અને ભગવાન શિવની પૂજા કરી હતી. મેવાડના જાણીતા રાજપૂત રાજા મહારાણા પ્રતાપ આરાસુરી અંબા ભવાનીના સાચા ભક્ત હતાં. તેમને એકવાર માતા અંબાજીએ બચાવ્યા હતાં. તેથી તેમણે તેમની પ્રખ્યાત તલવાર માતા આરાસુરી અંબાજીના પવિત્ર ચરણોમાં ભેટ સ્વરૂપે અર્પણ કરી હતી.

દર વર્ષે અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો યોજાય છે. યાત્રાધામ સાથે પૌરાણિક અને ઐતિહાસિક અનેક માન્યતાઓ અને દંતકથાઓ જોડાયેલી છે. જેમાં શ્રદ્ધાળુઓને સંપૂર્ણ વિશ્વાસ હોઈ દર વર્ષે ભાદરવી પૂનમના મેળામાં લાખોની સંખ્યામાં માઈભક્તો પદયાત્રા કરી મા અંબાના દર્શનાર્થે ઉમટે છે અને ધન્યતા અનુભવે છે. મા અંબા ભાવિક શ્રદ્ધાળુઓની મનોકામના પૂર્ણ કરતા હોવાની શ્રદ્ધાળુઓની માન્યતાને પગલે દર વર્ષે મેળામાં યાત્રિકો દર્શનાર્થીઓની સંખ્યામાં સતત વધારો થતો જોવા મળે છે. રાજ્ય સરકાર, શ્રી પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્ર તથા સેવાભાવી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસથી લાખો માઈભકતો માટે મેળામાં રહેવા, જમવા, સુવા અને દર્શનની વિશેષ સગવડો ઉપલબ્ધ કરવામાં આવે છે.

---

# રેલવે પ્રોટેક્શન ફોર્સ, નડિયાદની સતર્કતાને કારણે મોબાઈલ ચોર પકડાયો




તારીખ ૨૨.૦૮.૨૦૨૫ ના રોજ, ગુજરાત એક્સપ્રેસ (ટ્રેન નં. ૨૨૯૫૩)ને નડિયાદ રેલવે સ્ટેશન પર પહોંચતા જ એક મુસાફરે પોતાનો મોબાઈલ ચોરાઈ ગયો હોવાની ફરિયાદ કરી. ફરજ પરની મહિલા કોન્સ્ટેબલ મોના રોઝ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી અને ટ્રેનની તપાસ કરી અને શંકાસ્પદ વ્યક્તિને પકડી લીધો. તેના કબજામાંથી ૨૪000 રૂપિયાનો મોબાઈલ ફોન મળી આવ્યો. પૂછપરછમાં તેણે મુસાફર પાસેથી મોબાઈલ ફોન ચોરી કર્યા હોવાની કબૂલાત કરી. બાદમાં, મોબાઈલ ફોન મળી આવ્યો અને ઓળખ માટે ભોગ બનનાર મુસાફરને બતાવવામાં આવ્યો, જેણે કહ્યું કે તે તેનો છે. પકડાયેલ વ્યક્તિ અને મળેલો મોબાઈલ ફોન વધુ કાર્યવાહી માટે GRP નડિયાદને સોંપવામાં આવ્યો હતો. આ સંદર્ભે GRP નડિયાદમાં કેસ નોંધવામાં આવ્યો હતો અને આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

---


ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


---

# લંડનમાં ભારતીય રેસ્ટોરન્ટમાં આગચંપી, ૫ લોકો દાઝ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈસ્ટ લંડનમાં આવેલી એક ભારતીય રેસ્ટોરન્ટમાં ૨૨ ઓગસ્ટની રાત્રે આગચંપીની ઘટના બની હતી. પોલીસે આ મામલે કાર્યવાહી હાથ ધરતા ૧૫ વર્ષના એક છોકરા અને ૫૪ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી છે. બંને સામે આ ઘટનાને અંજામ આપવાનો આરોપ લાગ્યો છે. આગચંપીની ઘટનામાં લગભગ ૫ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. મેટ્રોપોલિટન પોલીસના જણાવ્યાનુસાર આ ઘટના ઈલફોર્ડના વૂડફોર્ડ એવન્યૂ, ગેન્ટ્સ હિલમાં આવેલી ઈન્ડિયન અરોમા રેસ્ટોરન્ટમાં બની હતી. ઘાયલોમાં ત્રણ મહિલાઓ અને બે પુરુષો સામેલ છે જે આગની ઘટના વખતે રેસ્ટોરન્ટમાં ડિનર કરી રહ્યા હતા. લંડન એમ્બ્યુલન્સ સર્વિસના પેરામેડિક્સે તેમને પ્રાથમિક સારવાર આપી હતી અને પછી તેમને હોસ્પિટલ પહોંચતા કરાયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે એક પુરુષ અને એક મહિલાની હાલત હજુ પણ ગંભીર છે. લંડન પોલીસના નોર્થ યુનિટના ચીફ ઈન્સ્પેક્ટર માર્ક રોજર્સે જણાવ્યું હતું કે, 'અમે બે લોકોની ધરપકડ કરી છે. શુક્રવારે સાંજે બનેલી આ ઘટનાની તપાસ ઝડપથી ચાલી રહી છે. ભારતીય સમુદાયના લોકો આ ઘટનાથી ચિંતિત અને આઘાતમાં છે. હું તેમને અપીલ કરું છું કે જો તેમની પાસે કોઈ માહિતી હોય, તો તેઓ આગળ આવે અને પોલીસ સાથે વાત કરે.'

---

અંદાજે ૧૦૦થી વધુ બાળકો, ભાઈ-બહેનોએ માટીની મૂર્તિ બનાવવા સહભાગી થયા

# ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન-ગાધીનગર ખાતે ગણેશજીની માટીની મૂર્તિઓ બનાવવા આર્ટિસ્ટની ઉપસ્થિતિમાં 'ઈકો ઍક્ટિવિટિ' વર્કશોપનું આયોજન






પ્રતિ વર્ષ ગણેશ ચતુર્થીના દિવસે ગુજરાત સહિત દેશભરમાં હર્ષોલ્લાસ સાથે ભગવાન શ્રી ગણેશજીના આપણા સૌના ઘર, શેરી અને સોસાયટીમાં ભાવપૂર્વક વધામણા કરીને ભગવાનની મૂર્તિનું સ્થાપન કરીએ છીએ. આ વર્ષે દેશભરમાં તા. ૨૭ ઓગસ્ટથી ગણેશ ચતુર્થી મહોત્સવ શરૂ થવા જઈ રહ્યો છે.

ગણેશજીની મૂર્તિઓ ક્યારેક પીઓપી, અન્ય સિન્થેટિક મટિરિલય અને કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરીને બનાવવામાં આવી હોય છે. આવી મૂર્તિઓનું જ્યારે પાણીમાં વિસર્જન કરવામાં આવે છે ત્યારે તે ખૂબ જ નુકશાન કરે છે. જેથી બાપ્પાની માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ લાવવાનો સંદેશ આપવા તેમજ નાગરિકોને બાપ્પાની માટીની મૂર્તિઓ ઘરે જ જાતે બનાવવા પ્રેરણા આપવા વન વિભાગ અંતર્ગત 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા ઈકો ઍક્ટિવિટિના ભાગ રૂપે એક નવતર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરમાં આવેલા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે બાપ્પાની માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ બનાવતા શીખવવા અને પર્યાવરણ સંવર્ધન પ્રત્યે પ્રેરણા આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આર્ટિસ્ટ દ્વારા બાળકો અને યુવાઓને માટીની મૂર્તિ કેમ બનાવવી તે શીખવવામાં આવ્યું હતું. બાળકો સહિત યુવાઓએ બનાવેલી મૂર્તિઓ ઘરે પણ લઈ જવા આપવામાં આવી હતી. આ કાર્યક્રમ થકી નાગરીકોને પર્યાવરણ અનુકુળ જીવનશૈલી અપનાવવા, તહેવારોમાં ભગવાનની માટીની મૂર્તિઓ બજારમાંથી નહિ પણ જાતે જ બનાવી સ્થાપન કરવા સાથે સાથે વડાપ્રધાનશ્રીના 'વોકલ ફોર લોકલ'ના સૂત્રને સાર્થક કરીને સ્થાનિક કલાકારોને રોજગારી સ્વરૂપે પ્રોત્સાહન આપવા અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અંદાજે ૧૦૦થી વધુ બાળકો સહિત યુવા-વડીલોએ ઉત્સાહપૂર્વક ગણેશજીની મૂર્તિઓ બનાવવામાં ભાગ લીધો હતો તેમ, ગીર ફાઉન્ડેશનન યાદીમાં જણાવાયું છે.

- જનક દેસાઈ


ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૧૧૮ તેજ, ચાંદીનો વાયદો રૂ.૩૫૯ નરમ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૦૧૪૩૫.૯૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૮૯૧.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૮૫૪૧.૯૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૫૨૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૭૩૩.૬૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૦૨૮૬.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૧૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૫૬૭ અને નીચામાં રૂ.૧૦૦૧૯૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૦૩૮૪ના આગલા બંધ સામે રૂ.૧૧૮ વધી રૂ.૧૦૦૫૦૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૮૦ વધી રૂ.૮૦૨૩૯ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૭ વધી રૂ.૧૦૦૪૬ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૩ વધી રૂ.૧૦૦૦૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૪૮૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૧૮૦ અને નીચામાં રૂ.૯૯૪૮૩ના મથાળે અથડાઈ, રૂ.૯૯૮૭૮ના આગલા બંધ સામે રૂ.૨૦૯ વધી રૂ.૧૦૦૦૮૭ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૫૭૨૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૬૫૦૦ અને નીચામાં રૂ.૧૧૫૭૨૭ના મથાળે અથડાઈ, રૂ.૧૧૬૨૩૬ના આગલા બંધ સામે રૂ.૩૫૯ ઘટી રૂ.૧૧૫૮૭૭ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૪૫ ઘટી રૂ.૧૧૫૮૨૦ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૩૨ વધી રૂ.૧૧૬૦૧૫ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૯૨૨.૪૩ કરોડનાં કામકાજ થયાં

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૧ની વૃદ્ધિઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૮૯૧.૦૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૮૫૪૧.૯૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૦૨૮૬.૨૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૫૨૫ પોઈન્ટના સ્તરે

હતાં. કિલોદીઠ તાંબું ઓગસ્ટ વાયદો રૂ.૧.૯૫ વધી રૂ.૮૮૨.૫ થયો હતો. જસત ઓગસ્ટ વાયદો ૮૦ પૈસા ઘટી રૂ.૨૬૬.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૫૫ પૈસા ઘટી રૂ.૨૫૧ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓગસ્ટ વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૧૮૦.૨ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૬૬૭.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૨૦૨ અને નીચામાં રૂ.૪૧૬૮ના સ્તરને સ્પર્શી, રૂ.૬૬ ઘટી રૂ.૪૧૭૦ થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૫૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૩૪ અને નીચામાં રૂ.૫૫૭૭ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૭૨ના આગલા બંધ સામે રૂ.૫૧ વધી રૂ.૫૬૨૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૫૧ વધી રૂ.૫૬૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૧ ઘટી રૂ.૨૩૧.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૪.૨ ઘટી રૂ.૨૩૧.૭ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૫૩.૪ના ભાવે ખૂલી, રૂ.૧૭.૭ ઘટી રૂ.૯૩૬.૭ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૬૨૫ના ભાવે ખૂલી, રૂ.૭૯ વધી રૂ.૨૭૪૩ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪૬૬૬.૯૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૫૬૧૯.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૫૫૩.૧૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૫૧.૪૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૯.૯૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૦૭.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૮.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૨૬૯.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૭૯.૯૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૨.૭૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૯૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૬૨૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૯૨૧૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૯૨૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૦૪૭૩૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૭૮૬૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૪૦૮૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૮૨૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૨૮૮૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૯૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૧૮૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૪૦૭૪ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૫૦૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૫૩૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૪૮૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૯ પોઈન્ટ વધી ૨૩૫૨૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૩.૫ વધી રૂ.૧૯૦.૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪ ઘટી રૂ.૧૨.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦.૫ ઘટી રૂ.૧૩૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૬ ઘટી રૂ.૨૨૫ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૮૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૯ પૈસા વધી રૂ.૧૧.૮ થયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬ પૈસા વધી રૂ.૨.૬૧ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૩ ઘટી રૂ.૧૬૪.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા વધી રૂ.૧૪.૭૫ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨.૫ ઘટી રૂ.૧૩૨ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૪૫૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૧ પૈસા ઘટી રૂ.૫.૦૯ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૯ પૈસા વધી રૂ.૧.૭ થયો હતો.

હાલો રે હાલો તરણેતરના મેળે, જ્યાં બિરાજે ભોળા શિવજી....

# આજથી તરણેતરના વિશ્વપ્રસિદ્ધ ભાતીગળ લોકમેળાનો શુભારંભ, ભગવાનશ્રી ત્રિનેત્રેશ્વર મહાદેવના પૂજન સાથે મેળાની શરૂઆત થશે

## પાંચાળની પુરાતન લોકસંસ્કૃતિને ઉજાગર કરતાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો મેળાની રંગતમાં વધારો કરશે

સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ, પરંપરા અને આધ્યાત્મિકતાને ઉજાગર કરતો સુપ્રસિદ્ધ તરણેતરનો લોકમેળો ભાદરવા સુદ કેવડા ત્રીજ થી છઠ્ઠ સુધી એટલે કે તા. ૨૬ થી ૨૯ ઓગસ્ટ સુધી ભક્તિભાવ અને ઉલ્લાસના વાતાવરણમાં યોજાશે. સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં યોજાતા આ મેળામાં લોકનૃત્ય, સંતવાણી, ગ્રામીણ રમતોત્સવ અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોકમેળામાં ભાદરવા સુદ ત્રીજ (કેવડા ત્રીજ) તા. ૨૬ ઓગસ્ટના રોજ પ્રવાસનમંત્રી શ્રી મુળુભાઈ બેરા, પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં સવારે ૦૯.૩૦ કલાકે ભગવાન શ્રી ત્રિનેત્રેશ્વર મહાદેવનું કેવડાથી પૂજન અર્ચન અને જલાભિષેક કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૧૦.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય કરી પશુ મેળો અને પ્રદર્શન, ગ્રામીણ રમતોત્સવ, પારંપરિક ગ્રામીણ સ્પર્ધાઓનું ઉદ્દઘાટન મંત્રીશ્રીઓના વરદહસ્તે કરવામાં આવશે. ગ્રામ પંચાયત દ્વારા રાત્રે ૦૯:૩૦ કલાકે મેળાના સ્ટેજ પર વિવિધ રાવટીના ભક્તજનોની સંતવાણીનો કાર્યક્રમ યોજાશે.

ભાદરવા સુદ ચોથ ગણેશ ચતુર્થી તા. ૨૭ ઓગસ્ટના રોજ સાંજે ૫:૩૦ કલાકે પાળિયાદના પૂ. વિસામણ બાપુની જગ્યાના મહંતશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પૂ. શ્રી નિર્મળાબા ઉનડબાપુના હસ્તે ધ્વજારોહણ થશે. આ દિવસે રાત્રે ૯:૦૦ કલાકે મેળાના સ્ટેજ પર સુરેન્દ્રનગર જિલ્લા માહિતી કચેરી દ્વારા લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે, જે ગુજરાતના લોકકલાકારોને માણવાનો અનેરો અવસર પૂરો પાડશે.

ભાદરવા સુદ પાંચમ (ઋષિ પંચમી) તા. ૨૮ ઓગસ્ટના રોજ સવારે ૦૬.૩૦ કલાકે મહંતશ્રી દ્વારા મંદિરના કુંડમાં ગંગા અવતરણ આરતી કરવામાં આવશે. સવારે ૮.૩૦ કલાકે લખતર સ્ટેટ શ્રી ઝાલા યશપાલસિંહ દિવ્યરાજસિંહજીના વરદ હસ્તે ધ્વજારોહણ કરવામાં આવશે. સવારે ૧૦:૦૦ કલાકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, રાજ્યકક્ષાના રમતગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, રાજ્યકક્ષાના પશુપાલન મંત્રી શ્રી પરષોત્તમભાઈ સોલંકી, નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા સહિતના મહાનુભાવો ગુજરાત પ્રવાસન નિગમ લિ. ના તોરણ ટુરિસ્ટ વિલેજની મુલાકાત તથા શિવ પૂજન, ગ્રામીણ રમતોત્સવની મુલાકાત અને અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

મંદિર પરિસરમાં પરંપરાગત રાસ તથા હુડાના કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે. મેળાના સ્ટેજ પર રાસ-ગરબા, દોહા, છત્રી હરીફાઈ, વેશભૂષા હરીફાઈ, પાવા હરીફાઈ યોજાશે. જેમાં વિજેતાઓને ઈનામ પણ એનાયત કરવામાં આવશે. રાત્રે ૦૯:૩૦ કલાકે મેળાના સ્ટેજ પર ગુજરાત ટુરીઝમ નિગમ અને તરણેતર ગ્રામ પંચાયત દ્વારા ભવ્ય લોક ડાયરાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

ભાદરવા સુદ છઠ્ઠ તા. ૨૯ ઓગસ્ટના રોજ સવારે ૦૭.૦૦ કલાકે ગંગા વિદાય આરતી યોજાશે. ત્યારબાદ બપોરે ૧૨.૦૦ કલાકે જિલ્લા વહીવટી તંત્ર તથા જિલ્લા પોલીસ દ્વારા ધ્વજારોહણ કાર્યક્રમ થયા બાદ મેળાની પૂર્ણાહુતિ કરવામાં આવશે.

પુરાતન પાંચાળની સોડમને ઉજાગર કરતા આ મેળામાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હરીકૃષ્ણભાઈ પટેલ, સાંસદશ્રી ચંદુભાઈ શિહોરા, ધારાસભ્ય સર્વ શ્રી શામજીભાઈ ચૌહાણ, શ્રી કિરીટસિંહ રાણા, શ્રી પ્રકાશભાઈ વરમોરા, શ્રી પી.કે.પરમાર સહિતના મહાનુભાવો, પદાધિકારીઓ સહભાગી બનશે.

# 'ઈકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા નિર્માણ' વિષય પર રાજ્યભરમાં GPCB અને પર્યાવરણ મિત્રના ઉપક્રમે વિવિધ જાગૃતિ કાર્યક્રમનું આયોજન

## 'મૂર્તિ નાની, શ્રદ્ધા મોટી'ના મંત્ર સાથે રાજ્યભરમાં ઈકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા સ્થાપનનું ભક્તોમાં વિશેષ આકર્ષણ

રાજ્યભરમાં આસ્થા અને ભક્તિ સાથે આગામી સમયમાં વિવિધ સ્વરૂપે 'ગણેશ મહોત્સવ'નું આયોજન કરવામાં આવનાર છે. પર્યાવરણ જતનના હેતુ સાથે 'ઈકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા નિર્માણ' વિષય પર રાજ્યભરમાં GPCB અને પર્યાવરણ મિત્રનાં ઉપક્રમે ગત તા. ૮ ઓગસ્ટ ૨૦૨૫થી વિવિધ કોલેજો, શાળાઓ, શેરીઓ, સોસાયટીઓ અને વિવિધ ઈકો ક્લબના માધ્યમથી જાગૃતિ કાર્યક્રમ-વર્કશોપનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આગામી ૧૦ દિવસ દરમિયાન અમદાવાદમાં વધુ વસ્તી ધરાવતા મુખ્યત્વે ૫૦ જેટલા ગણેશ પંડાલમાં ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ અંગે શેરી નાટકનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના પરિણામે 'મૂર્તિ નાની, શ્રદ્ધા મોટી'ના મંત્ર સાથે રાજ્યભરમાં ઈકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા સ્થાપનનું ભક્તોમાં વિશેષ આકર્ષણ રહ્યું છે. આ વર્કશોપનો મુખ્ય હેતુ માત્ર વિધાર્થીઓ પૂરતો મર્યાદિત ન રહીને, સ્થાનિક નાગરિકો અને વિવિધ સ્થળોએ ગણેશ ઉત્સવના આયોજકોમાં પણ ઈકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા સ્થાપન અંગે વધુ જાગૃતિ લાવવાનો છે. વિધાર્થીઓએ નાગરિકોને ઈકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમાના મહત્વ અંગે સમજ આપી કે, પ્લાસ્ટર ઓફ પેરિસ (pop) થી બનેલી મૂર્તિઓ પાણીમાં ઓગળતી નથી અને તે જળપ્રદૂષણ સાથે જળચર પ્રાણીઓ માટે જોખમરૂપ બને છે. જેનાથી પાણીમાં રહેલ જળચર જીવોને નુકસાન થાય છે અને તેઓ મૃત્યુ પામે છે. પાણીનું પ્રદૂષણ અને પર્યાવરણનું સંતુલન બગડે છે. તેના સ્થાને જો આપણે ઈકો ફ્રેન્ડલી-માટીની મૂર્તિ બનાવી તેનું વિસર્જન પાણીમાં કરીયે તો તે પાણીમાં ઝડપથી ભળી જાય છે જેથી જળચર પ્રાણીઓને નુકસાન પહોંચતું નથી સાથે સાથે પાણી અને જમીનનું પ્રદૂષણ થતું અટકે છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ-GPCB, પર્યાવરણ મિત્ર, વિદ્યાર્થીઓ અને પર્યાવરણ પ્રેમી નાગરિકો સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત આ વર્કશોપમાં ઉત્સાહપૂર્વક સહભાગી થઈને ગણેશજીની મૂર્તિ બનાવવાની સર્જનાત્મકતા દર્શાવી રહ્યા છે. વધુમાં વિધાર્થીઓએ માટીમાંથી કેવી રીતે સહેલાઈથી સુંદર અને આકર્ષક ગણેશજીની મૂર્તિ બનાવી શકે છે તેનું પ્રત્યક્ષ નિદર્શન કર્યું હતું. વર્કશોપમાં હાજર ભક્તોએ પણ પોતે ભાવપૂર્વક માટીના ગણેશજી બનાવીને કોલેજના વિધાર્થીઓએ સાથે ચર્ચા કરી 'મૂર્તિ નાની, શ્રદ્ધા મોટી', 'પર્યાવરણ બચાવો – માટીના ગણેશનું સ્થાપન' અને નો સિંગલ યુઝ પ્લાસ્ટિક સાથે ઈકો ફ્રેન્ડલી પંડાલ બનાવવાનો સંદેશો આપ્યો હતો. આ અવસરે અમદાવાદ ખાતે એ.જી ટીચર્સ કોલેજના પ્રિન્સિપાલે વર્કશોપ દરમિયાન જણાવ્યું હતું કે, આવા પર્યાવરણલક્ષી જાગૃતિ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ માત્ર શિક્ષણ પૂરતા મર્યાદિત નથી રહેતા પરંતુ સમજ-વિચારમાં હકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે. આ વર્કશોપના અંતે તમામ ઉપસ્થિતોએ આગામી ગણેશોત્સવમાં માટીના ગણેશજી સ્થાપવાનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમ પર્યાવરણને સંતુલિત રાખી ઉજવણી કરવા વિશે જાગૃતિ ફેલાવી અને દરેકને પર્યાવરણને અનુકૂળ પ્રથાઓ અપનાવવા સૌને પ્રોત્સાહિત કરી રહ્યો છે. આ વર્કશોપમાં અત્યારસુધીમાં બી.એડ કોલેજ ગાંધીનગર, એ.જી ટીચર્સ કોલેજ તેમજ શ્રી એમ.એન શુક્લા એજ્યુકેશન કોલેજ અમદાવાદ સહિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના મોટી સંખ્યામાં પર્યાવરણ પ્રેમી વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ, GPCB ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. - જનક દેસાઈ

૨૭ ઑગસ્ટ સુધી આભ ફાટવાની આગાહી

# જમ્મુ-કાશ્મીરમાં ૧૦૦ વર્ષમાં બીજી વખત રેકોર્ડ બ્રેક વરસાદ

## જાનીપુર, રૂપ નગર, તાલાબ ટિલ્લુ, જ્વેલ ચોક, ન્યુ પ્લોટ તથા સંજય નગર સહિત અનેક વિસ્તારોમાં પૂરના પાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ૨૪ કલાકથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે. આજે સવારે ૮.૩૦ વાગ્યા સુધીમાં ૧૯૦.૪ મિ.મી. વરસાદ સાથે ઑગસ્ટ મહિનાનો છેલ્લા ૧૦૦ વર્ષમાં બીજો સૌથી વધુ વરસાદ નોંધાયો છે. અગાઉ ૫ ઑગસ્ટ, ૧૯૨૬માં સૌથી વધુ ૨૨૮.૬ મિ.મી. વરસાદ પડ્યો હતો. જ્યારે ૧૧ ઑગસ્ટ, ૨૦૨૨માં ૧૮૯.૬ મિ.મી. વરસાદ વરસ્યો હતો. જમ્મુ શહેરમાં ભારે વરસાદના કારણે સામાન્ય જનજીવન ખોરવાયું છે. નદી-નાળા છલકાઈ જતાં ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જાનીપુર, રૂપ નગર, તાલાબ ટિલ્લુ, જ્વેલ ચોક, ન્યુ પ્લોટ તથા સંજય નગર સહિત અનેક વિસ્તારોમાં પૂરના કારણે ઘરોમાં પાણી ફરી વળ્યા છે. રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા છે. ડઝનથી વધુ વાહનો પૂરમાં તણાઈ ગયા છે. હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીરમાં ૨૭ ઑગસ્ટ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. અમુક વિસ્તારોમાં આભ ફાટવાની, પૂર અને ભૂસ્ખલન થવાની પણ આગાહી કરી છે. સ્થાનિક વહીવટી તંત્રે જળાશયો તેમજ ભૂસ્ખલન સંભવિત વિસ્તારોથી દૂર રહેવા એડવાઈઝરી જાહેર કરી છે. નીચાણવાળા વિસ્તારોમાં ન જવા નિર્દેશ આપ્યો છે. રાતભર ભારે વરસાદના કારણે જમ્મુના પઠાણકોટમાં નેશનલ હાઈવે પર સ્થિત એક બ્રિજને નુકસાન થયું છે. અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે, જમ્મુમાં સ્થિત ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ટેગ્રેટિવ મેડિસિન (IIIM)ના ઓછામાં ઓછા ૪૫ વિદ્યાર્થીઓ પૂરમાં ફસાયા હતા. હોસ્ટેલ કેમ્પસનું ગ્રાઉન્ડ ફ્લોર પૂરના કારણે પાણીમાં ડૂબી ગયું હતું. આ વિદ્યાર્થીઓને પોલીસ અને એસડીઆરએફની ટીમે સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આશરે સાત ફૂટથી વધુ પાણી ભરાયું હતું. એસડીઆરએફ અને પોલીસે નાવડીઓની મદદથી લગભગ પાંચ કલાક સુધી બચાવ અભિયાન ચલાવ્યું હતું. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ભારે વરસાદના કારણે તમામ સંબંધિત વિભાગોને હાઈ એલર્ટ પર રહેવા આદેશ આપ્યો છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે તમામ સંબંધિત વિભાગોને હાઈ એલર્ટ પર રહેવા નિર્દેશ આપ્યો છે. અબ્દુલ્લાહે ૨૭ ઑગસ્ટ સુધી મધ્યમથી ભારે વરસાદ, આભ ફાટવાની, અચાનક પૂર અને ઊંચાઈવાળા વિસ્તારોમાં ભૂસ્ખલનની સંભાવના સહિતની હવામાન વિભાગની આગાહી પર ધ્યાન આપવાં તેમજ લોકોને સતર્ક રહેવા સલાહ આપી છે. ઉલ્લેખનીય છે, જમ્મુ-કાશ્મીરમાં નદીઓ જોખમી સ્તરે વહી રહી છે. પરિવહન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ભારે વરસાદના કારણે અનેક રસ્તાઓ બંધ છે. ૨૫૦ કીમી લાંબો જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે તેમજ ૪૩૪ કિમી લાંબો શ્રીનગર-લેહ નેશનલ હાઈવે પરિવહન માટે ખુલ્લો છે. જમ્મુમાં પૂંછ તથા રાજોરીને દક્ષિણ કાશ્મીરના શોપિયાનને જોડતો મુઘલ રોડ અને જમ્મુમાં કિશ્તવાડ તથા ડોડા જિલ્લાને દક્ષિણ કાશ્મીરના અનંતનાગ સાથે જોડતો સિંથન રોડ ભૂસ્ખલનના કારણે બંધ છે. કઠુઆમાં ભારે વરસાદના કારણે સહાર ખાદ નાળામાં પાણી ભરાઈ ગયું છે. જેથી જમ્મુ-પઠાણકોટ હાઈવે પર આવેલો એક બ્રિજ તૂટી ગયો છે.

કહ્યું - પતિ અને પ્રેમી બંને જોડે ૧૫-૧૫ દિવસ રહીશ

# યુપીમાં ૧૦ વખત પ્રેમી જોડે ભાગી વિવાહિત મહિલા

## પતિ અને પ્રેમી વચ્ચેના આ અજીબો-ગરીબ કરારનો પ્રસ્તાવ સાંભળીને પંચાયતમાં હાજર લોકો દંગ રહી ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)રામપુર

ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાના એક ગામમાંથી એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે આખા વિસ્તારને ચોંકાવી દીધો છે. અહીં એક પરિણીત મહિલાએ પંચાયતમાં એવો પ્રસ્તાવ મૂક્યો કે લોકો તેને સાંભળીને દંગ રહી ગયા. મહિલાએ સ્પષ્ટ કહ્યું કે, હું મહિનામાં ૧૫ દિવસ મારા પતિ સાથે અને ૧૫ દિવસ મારા પ્રેમી સાથે રહેવા માંગુ છું. પતિ અને પ્રેમી વચ્ચેના આ અજીબો-ગરીબ કરારનો પ્રસ્તાવ સાંભળીને પંચાયતમાં હાજર લોકો દંગ રહી ગયા. આ મહિલા અત્યાર સુધીમાં ૧૦ વખત તેના પ્રેમી સાથે ભાગી ચૂકી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અઝીમ નગર પોલીસ સ્ટેશન વિસ્તારની એક યુવતીના લગ્ન લગભગ દોઢ વર્ષ પહેલા પાડોસી ગામના એક યુવક સાથે થયા હતા. લગ્નના થોડા મહિના પછી તેનો ટાંડા વિસ્તારના એક યુવક સાથે પ્રેમ સંબંધ શરૂ થયો. યુવતી લગભગ એક વર્ષ પહેલા પહેલી વાર તેના પ્રેમી સાથે ઘરેથી ભાગી ગઈ હતી. તે સમયે પંચાયત યોજાઈ હતી અને પરિણીત મહિલાને તેના પતિના ઘરે પાછી મોકલી દેવામાં આવી હતી. પરંતુ આ પછી પણ મહિલા તેના પ્રેમીની માયાજાળમાંથી બહાર ન નીકળી શકી.

છેલ્લા એક વર્ષમાં મહિલા તેના પ્રેમી સાથે કુલ ૯ વખત ભાગી ગઈ હતી. દરેક વખતે તેને પંચાયત કે પોલીસની મદદથી પાછી લાવવામાં આવતી હતી. આઠ દિવસ પહેલા પરિણીત મહિલા ૧૦મી વખત ઘરેથી ગાયબ થઈ ગઈ હતી. પરેશાન પતિએ અઝીમ નગર પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. પોલીસે આ મામલાને ગંભીરતાથી લીધો અને મહિલાને તેના પ્રેમીના ઘરેથી શોધી કાઢી અને તેના પતિને સોંપી દીધી. પરંતુ આશ્ચર્યજનક રીતે વિવાહિત મહિલા તેના પતિના ઘરે માત્ર એક રાત રહી અને બીજા દિવસે સવારે તેના પ્રેમી પાસે પાછી આવી ગઈ.

જ્યારે પતિ પોતાની પત્નીને સમજાવવા માટે તેના પ્રેમીના ઘરે પહોંચ્યો ત્યારે ત્યાં પંચાયત બેઠી. પંચાયતમાં પતિએ હાથ જોડીને પત્નીને ઘરે આવવા વિનંતી કરી, પરંતુ મહિલાએ બધાની સામે 'અનોખો પ્રસ્તાવ' મૂક્યો. તેણે કહ્યું કે હું બંને સાથે રહેવા માંગુ છું. હું મહિનાના ૧૫ દિવસ મારા પતિના ઘરે અને ૧૫ દિવસ મારા પ્રેમીના ઘરે વિતાવીશ. મહિલાનું આ નિવેદન સાંભળીને પંચાયતમાં હડકંપ મચી ગયો. નિરાશ થયેલા પતિએ હાથ જોડીને કહ્યું કે, મને માફ કર, હવે તું તારા પ્રેમી સાથે જ રહેજે.

મહિલાનો આ પ્રસ્તાવ અને પતિનો જવાબ સમગ્ર વિસ્તારમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. ગામના વડીલોનું કહેવું છે કે, અમે અમારા જીવનમાં પહેલી વાર આવો કિસ્સો જોયો છે. સામાન્ય રીતે પંચાયતો પતિ-પત્ની વચ્ચે સમાધાન અથવા અલગ થવાનો રસ્તો શોધે છે, પરંતુ આજ સુધી કોઈએ આવા પ્રકારના '૧૫-૧૫ દિવસના ફોર્મ્યુલા' વિશે સાંભળ્યું નથી. લોકો એમ પણ કહી રહ્યા છે કે, પરિણીત મહિલાના આ પગલાથી માત્ર સામાજિક પરંપરાઓ પર જ સવાલો નથી ઊભા થયા, પરંતુ સંબંધોની ગરિમાને પણ પડકાર ફેંક્યો છે.

# ED એ દરોડા પાડ્યા તો દીવાલ કૂદીને ભાગ્યા TMC ધારાસભ્ય

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

ઈડીના દરોડા દરમિયાન એક ચોંકાવનારી ઘટના બની છે. પશ્ચિમ બંગાળમાં સ્કૂલોમાં શિક્ષક અને કર્મચારીઓની ભરતીમાં કથિત ગેરરીતિની તપાસ અર્થે દરોડા બાદ સોમવારે સત્તારુઢ તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના ધારાસભ્ય જીવન કૃષ્ણ સાહાની ધરપકડ કરી લેવામાં આવી હતી. જો કે સત્તાવાર સૂત્રોએ કહ્યું કે ઈડીના દરોડા વખતે જેવી જ ધારાસભ્યને જાણ થઈ તો તેઓ દીવાલ કૂદીને ભાગવા લાગ્યા હતા. તેઓ આ દરમિયાન કીચડમાં ફસાઈ ગયા હતા. જ્યાંથી તેમને ઈડીના અધિકારીઓએ પકડી પાડ્યા હતા.

હાલ તો મુર્શિદાબાદ જિલ્લામાં ધારાસભ્યના ઘરે દરોડાની કાર્યવાહી બાદ ઈડીએ તેમની ધરપકડ કરી લીધી છે. સૂત્રોએ જણાવ્યું કે દરોડા વખતે એક દીવાલ કૂદીને ધારાસભ્યએ નાસી જવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે ઘરની પાછળ એક નાળામાં પોતાનો ફોન પણ ફેંકી દીધો હતો. જોકે બાદમાં અધિકારીઓએ એ ફોન રિકવર કરી લીધો હતો. દરોડા વખતના વીડિયો અને તસવીરોમાં ધારાસભ્ય ભાગતા દેખાય છે જેમાં ઈડી અને સીઆરપીએફના અધિકારીઓ પણ એ જગ્યાએ દેખાઈ રહ્યા છે જ્યાં ચારે બાજુ વૃક્ષો અને ઝાડીઓ છે અને કચરો પડેલો દેખાય છે.

ભાજપના નેતાને ખેંચીને લઈ ગઈ પોલીસ

# એન્જિનિયરને જૂતાથી મારવા મામલે ભાજપ નેતાની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)બલિયા

ઉત્તર પ્રદેશના બલિયામાં ભાજપ નેતા મુન્ના બહાદુર સિંહ દ્વારા ઓફિસમાં ઘૂસીને વીજળી વિભાગના એન્જિનિયરને માર મારવાના કેસમાં નવો વળાંક આવ્યો છે. રવિવારે (૨૪મી ઓગસ્ટ) જ્યારે પોલીસ તેમને તબીબી તપાસ માટે હોસ્પિટલમાં લઈ ગઈ ત્યારે ત્યાં હોબાળો મચી ગયો. મુન્ના બહાદુરે પોલીસ વાહનમાં બેસવાનો ઈનકાર કર્યો હતો અને તેમના સમર્થકોએ પણ સ્થળ પર હોબાળો મચાવ્યો હતો. જોકે, પોલીસકર્મીઓ ભાજપ નેતાને ઢસડીને વાહનમાં બેસાડ્યો હતો.અહેવાલો અનુસાર, ભાજપ નેતા મુન્ના બહાદુરને પોલીસે એન્જિનિયરને માર મારવાના આરોપસર અટકાયતમાં લીધા હતા, તેને છાતીમાં દુઃખાવાની ફરિયાદ બાદ જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તબીબી તપાસ પછી પોલીસે તેમને પાછા પોલીસના વાહનમાં બેસાડવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન તેણે વિરોધ કર્યો હતો અને મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો ત્યાં પહોંચી ગયા અને પોલીસ સામે ઝપાઝપી કરીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. આવી સ્થિતિમાં પોલીસે મુન્ના બહાદુરને બળજબરીથી કાર સુધી ખેંચી જવો પડ્યો હતો. આખો વિવાદ શનિવારે (૨૩મી ઓગસ્ટ) વીજળી કાપની ફરિયાદને લઈને શરૂ થયો હતો. ભાજપ નેતા મુન્ના બહાદુર વીજ વિભાગના ઈજનેર શ્રીલાલ સિંહની ઓફિસ પહોંચ્યા હતા. વાતચીત દરમિયાન, બંને વચ્ચે દલીલ થઈ અને મુન્નાએ ઈજનેરને માર માર્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો. એન્જિનિયર શ્રીલાલ સિંહે આરોપ લગાવ્યો કે, મુન્ના બહાદુરે જાતિવાદી અપશબ્દોનો ઉપયોગ કરીને મારા પર હુમલો કર્યો. જો કે, મુન્ના બહાદુરે આરોપ લગાવ્યો કે એન્જિનિયરે મારા કામદારો સાથે ગેરવર્તન કર્યું અને કામદારોએ તેમના પર હુમલો કર્યો.

## ગુજરાતના બે દિવસીય પ્રવાસે પધારેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું અમદાવાદ એરપોર્ટ પર ઉષ્માસભર સ્વાગત કરતા રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આજથી ગુજરાતના બે દિવસીય પ્રવાસે અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તેમનું ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. વડાપ્રધાનશ્રી તેમના ગુજરાત પ્રવાસ દરમ્યાન વિકસિત ભારત વિકસિત ગુજરાત અંતર્ગત કરોડો રૂપિયાનાં વિકાસકાર્યોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવાના છે. વડાપ્રધાનશ્રીના આગમન વેળાએ કેન્દ્રીય મંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલ, રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, પોલીસ મહાનિદેશક શ્રી વિકાસ સહાય, જીએડીના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમર, એર માર્શલ એસ. શ્રીનિવાસ, અમદાવાદ પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક, ચીફ પ્રોટોકોલ ઓફિસર શ્રી જ્વલંત ત્રિવેદી અને અમદાવાદ કલેક્ટર શ્રી સુજીત કુમાર સહિતના વરિષ્ઠ અધિકારીઓએ પણ તેમનું સ્વાગત કર્યું હતું.

### મહિલાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

## લગ્નનું વચન આપીને છૂટાછેડા લેનાર મહિલાને ફસાવી તરછોડી દીધી

### હોસ્પિટલમાં નોકરી કરતી ત્યારે મારે આરોપી ગગન સાથે પરિચય થયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં પતિ સાથે છૂટાછેડા બાદ પુત્ર સાથે એકલી રહેતી મહિલાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે મેં ઘરેથી ભાગીને લગ્ન કર્યા હતા.

મારા માતા-પિતા મને બોલાવતા નથી છૂટાછેડા પછી હું એક હોસ્પિટલમાં નોકરી કરતી હતી. મારે આરોપી ગગન સાથે પરિચય થયો હતો. ગગને મને પ્રપોઝ કરતા મેં કહ્યું કે તે લગ્ન કર્યા છે અને તારી પત્ની છે તો હું તારી સાથે સંબંધ રાખું તો મારા ભવિષ્યનું શું ? ત્યારે તેણે મને કહ્યું કે, અમારા સમાજમાં બે પત્ની રાખી શકાય જેથી હું તારી સાથે લગ્ન કરીશ.. હું એકલી રહતી હોય એને મારે ત્રણ વર્ષનો બાળકો હોવાથી મેં હા પાડી હતી.ત્યારબાદ વેલેન્ટાઈન ડેના દિવસે તે મારા ઘરે આવ્યો હતો અને મારી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારથી ગગન મને પત્નીને જેમ રાખતો હતો અને મારે રૂમ પર મળવા આવતો નવાર સાથે સંબંધ બાંધતો હતો. ફેબ્રુઆરી ૨૦૨૫ માં મને ગર્ભ રહી જતા તેણે મારી સાથે વાત કરવાનું બંધ કરી દીધું હતું. મેં પોલીસ ફરિયાદ કરતા ગગન મને સમાધાન કરીને તેની સાથે લઈ ગયો હતો. મને વાતોમાં ભોળવી ગર્ભપાત કરાવ્યો હતો.

બીજી વખત હું ગર્ભવતી થતા ગગન મારે સાથે ઝઘડો કરીને જતો રહ્યો હતો ત્યારે પણ મારી સાથે સમાધાન કરીને તે લઈ ગયો હતો. મને ધમકી આપી હતી કે જો તું ગર્ભપાત નહિં કરાવે તો આપણે કેનાલમાં કૂદીને મરી જઈએ તેથી હું ડરી જતા તેના ડરથી હોસ્પિટલમાં દાખલ થઈને ગર્ભપાત કરાવ્યો હતો. ત્યારબાદ તે મને મારા ઘરે મૂકી ગયો અને લગ્ન કરવાની ના પાડી દીધી હતી.

## ભેસાણમાં ૩૫ વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

જુનાગઢના ભેસાણ તાલુકાના માલીડા ગામના ૩૫ વર્ષીય યુવક જયેશ ઉર્ફે જયલો હંસરાજભાઈ પંચાસરાએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

યુવકે આત્મહત્યા કરતા પહેલા એક વીડિયો બનાવ્યો હતો, જેમાં તેણે પત્ની અને સાસરીયાના ત્રાસનો ઉલ્લેખ કર્યો છે. પોલીસે મૃતકના ભાઈની ફરિયાદના આધારે ત્રણ લોકો વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. યુવકનો મૃતદેહ મળ્યા પહેલા, તેણે બનાવેલા વીડિયોમાં પોતાની વ્યથા જણાવી હતી. વિડીયોમાં જયેશે કહ્યું હતું કે, "હું છેલ્લા ચાર વર્ષથી મારી પત્ની, સાળા અને સાસુના ત્રાસથી હેરાન છું. તેઓ મને મારી દીકરીને મળવા દેતા નથી કે દીકરીને મારી પાસે મોકલતા પણ નથી. જ્યારે મારી દીકરી મને ફોન કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેઓ તેને ફોન કરવા દેતા નથી. હું જ્યારે પણ મારી દીકરીને મળવા જાઉં છું ત્યારે આ લોકો મને મારવા દોડે છે. આ ત્રાસથી કંટાળીને આજે હું આત્મહત્યા કરી રહ્યો છું. આ સમગ્ર મામલે મૃતકના ભાઈ દીપક પંચાસરાએ ભેસાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે, પોલીસે મૃતકની પત્ની શીલુબેન શંભુભાઈ જરવરીયા, સાળો નરેશ શંભુભાઈ જરવરીયા, અને સાસુ કંચનબેન શંભુભાઈ જરવરીયા વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે, આ તમામ આરોપીઓ જયેશ ઉર્ફે જયલા હંસરાજભાઈ પંચાસરાને વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા, જેનાથી કંટાળીને યુવકે આત્મહત્યાનું પગલું ભર્યું છે

## બરડા ડુંગરમાં આવેલો ખંભાળા ડેમ ઓવરફ્લો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)પોરબંદર

પોરબંદર શહેર અને ગ્રમ્ય પંથકને પીવાનું પાણી પૂરૂં પાડતો ખંભાળા ડેમ ઓવરફ્લો થયો છે. હાલ ૫૪૬ MCFT ક્ષમતા ધરાવતા ખંભાળા ડેમમાં ૬.૩૯ ક્યુસેક પાણીની આવક જોવા મળી છે.

ખંભાળા ડેમ રાણાવાવ તાલુકાના ૨૫ અને પોરબંદર તાલુકાના ૨૫ ગામોને પાણી પૂરું પાડે છે. ૫૦ ગામોના પાણી પૂરું પાડતો ખંભાળા ડેમ આજે ઓવરફ્લો થયો છે. ડેમ ઓવરફ્લો થતા શેહરના લોકોમાં ખુશી જોવા મળી છે. આ ડેમથી ૫૦ ગામના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહશે. પોરબંદર અને રાણાવાવને પાણી પૂરું પાડતો ખંભાળા ડેમ ઓવરફ્લો થયો છે. ડેમ ઓવરફ્લો થતા લોકોમાં ખુશી જોવા મળી છે. આ ડેમમાં ૨૦૨૬ સુધી પીવાનું પાણી મળી રહે તેટલો સંગ્રહ થઈ ગયો છે.

બરડા ડુંગરમાં આવેલો આ ડેમ આસપાસના ૫૦ ગામડાંને પીવા માટે પાણી પૂરૂ પાડે છે. પોરબંદર જિલ્લામાં ધોધમાર વરસાદના પગલે ડેમમાં પાણીની આવક જોવા મળી છે. આ ૫૪૬ MCFT ક્ષમતા ધરાવતા ખંભાળા ડેમમાં ૬.૩૯ ક્યુસેક પાણીની આવક થઈ છે.

ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદના કારણે જિલ્લાના ડેમોમાં પાણીની આવક જોવા મળી રહી છે. બરડા ડુંગરમાં આવેલા ફોદાળા અને ખંભાળા ડેમ ઓવરફ્લો થતા લોકોમાં ખુશી જોવા મળી રહી છે.

આસપાસના ગામના લોકોને પીવાની પાણીની સમસ્યાનો નીકાલ થયો છે.

### જંબુસર બાયપાસ ચોકડીની ઘટના

## રિક્ષામાં પેસેન્જર બેસાડવાની તકરારમાં રીક્ષા ચાલક પર ચાકુથી હુમલો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)જંબુસર

જંબુસર બાયપાસ ચોકડી ખાતે રિક્ષામાં પેસેન્જર બેસાડવા બાબતે બે રીક્ષા ચાલકો વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં એક રીક્ષા ચાલકે બીજાને ચાકુના ઘા મારતા ગંભીર રીતે ઘવાયેલ રીક્ષા ચાલકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો.

બનાવ સંદર્ભે ફરિયાદના આધારે ભરૂચ સીટી બી ડીવિઝન પોલીસે હુમલાખોર રીક્ષા ચાલક સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઈજાગ્રસ્ત નવસાદ અહેમદ પટેલ (રહે-રોશન પાર્ક સોસાયટી, જંબુસર બાયપાસ)એ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન કહ્યું હતું કે, હું તા.૨૪ ઓગષ્ટની સાંજે જંબુસર બાયપાસ ચોકડી પાસે રીક્ષા લઈ ઊભો હતો. મારો નંબર હોવાથી હું પેસેન્જરને રિક્ષામાં બેસાડી રહ્યો હતો. તે વખતે લિયાકત બાપુએ રીક્ષા પેસેન્જર આગળ લાવી પોતાની રિક્ષામાં પેસેન્જરને બેસાડવા જતા મેં કહ્યું હતું કે, મારો નંબર છે તું કેમ પેસેન્જર બેસાડે છે. આ દરમ્યાન લિયાકત બાપુ અચાનક ઉશ્કેરાઈ જઈ અપશબ્દો કહી પોતાની રિક્ષામાંથી ચાકુ લાવી મને પેટ અને હાથના ભાગે ત્રણ ઘા માર્યા હતા. ઘા એટલો જીવલેણ હતો કે, આંતરડું બહાર આવી ગયું હતું. આસપાસથી મારા મિત્રો અને બીજા લોકો મદદે દોડી આવતા લિયાકત બાપુને પકડી મારો બચાવ કર્યો હતો. જ્યારે મારા મિત્ર હારુને તેની રિક્ષામાં સારવાર અર્થે મને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો. બનાવ સંદર્ભે ઈજાગ્રસ્તના મિત્ર હારુનએ લીયાકત બાપુ (રહે-બાવરી,સલમાન બેકરી પાસે, ભરૂચ ગામ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## ૪૦,૦૦૦ વસુલવા રેસ્ટોરન્ટમાં બેફામ તોડફોડ કરનાર ચાર હુમલાખોર પકડાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના જેતલપુર રોડ વિસ્તારની હોટલમાં તોડફોડ કરનાર ચાર હુમલા કોરોને પોલીસે ઝડપી પાડી કાન પકડાવીને ઊઠબેસ કરાવી હતી.

સન ફાર્મા રોડ પર નીલમબર ઓરીઅન્સ ખાતે રહેતા અને જેતલપુર રોડ પર રેસ્ટોરન્ટ ચલાવતા વિશાલ છાબરીએ પોલીસને કહ્યું છે કે રેસ્ટોરન્ટમાં ફર્નિચર અને કલરકામ માટે દોઢ લાખનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. પરંતુ અધૂરું કામ રહેતા ૧.૧૦ લાખ ચૂકવ્યા હતા. બાકીના ૪૦ હજારની માંગણી કરી સુરેશ સુદામ સેગર તા.૨૩મી એ તેના ત્રણ સાગરીતો સાથે રેસ્ટોરન્ટમાં આવ્યો હતો અને ઝઘડો કરી જે આવે તે ચીજો તોડફોડ કરી રૂ.અઢી લાખનું નુકસાન કર્યું હતું. ઉપરોક્ત બનાવવા અંગે અકોટા પોલીસે હુમલાખોર સુરેશ સેગર તેમજ તેની સાથે આવેલા અવિનાશ સુભાષ ભાઈ સેગર, મયુર પન્ઢરી સેગર અને વિકાસ છાયાનાથ શિન્દે (તમામ રહે-ભૈરવનાથ નગર મુજમહુડા) ની ધરપકડ કરી છે.

## વંદે ભારત ટ્રેનની અડફેટે આવી જતાં એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢના કેશોદ નજીક કરુણ અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જતાં એક મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. મૃતક મહિલા શાકભાજી ખરીદીને પોતાના ઘરે પરત ફરી રહી હતી ત્યારે રેલ્વે ટ્રેક ઓળંગતી વખતે આ દુર્ઘટના બની હતી. મળતી માહિતી મુજબ, મૃતક મહિલા શાકભાજી લઈને રેલવે ટ્રેક ક્રોસ કરી રહી હતી. તે જ સમયે અમદાવાદથી સોમનાથ તરફ જઈ રહેલી વંદે ભારત ટ્રેન ત્યાંથી પસાર થઈ. ટ્રેનની ઝડપને કારણે મહિલા ટ્રેનની અડફેટે આવી જતાં ગંભીર ઈજાઓ પહોંચતાં ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું. આ ઘટનાને પગલે આસપાસના લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા અને સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. સ્થાનિકોએ તાત્કાલિક રેલવે પોલીસ અને સ્થાનિક તંત્રને જાણ કરી હતી. અકસ્માતની જાણ થતાં જ રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડ્યો છે. પોલીસે સમગ્ર ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

## ૮૨ વર્ષના વૃદ્ધાના ગળામાંથી સોનાનું બે તોલાનું ડોકિયું આંચકીને મહિલા ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના માંજલપુરમાં સન સીટી સર્કલ પાસે નિર્માણપાર્ક સોસાયટીમાં રહેતા ૮૨ વર્ષના ઉર્મિલાબેન પ્રમોદકુમાર સોલંકી ગઈકાલે બપોરે સવારે ૦૧:૦૦ વાગે પૌત્રના મોપેડ પર બેસીને માંજલપુર સ્મશાન રોડ પર આવેલા મંગલેશ્વર મહાદેવના મંદિરે દર્શન કરવા ગયા હતા અને ત્યારબાદ પૌત્ર ત્યાંથી જતો રહ્યો હતો. ઉર્મિલાબેન દર્શન કરીને બહાર નીકળ્યા ત્યારે ૩૫ વર્ષની એક મહિલા તેમને મળી હતી અને કહ્યું કે માજી હું તમને રિક્ષામાં તમારે ઘરે મૂકી જઈશ તેમ કહી તેઓને મંદિરની બહાર લઈ આવી હતી.

વરસાદ ચાલુ હોવાથી રીક્ષા નહીં મળતા મહિલા ઉર્મિલાબેનને હાથ પકડીને ચાલતી ચાલતી લઈ ગઈ હતી. થોડે દૂર જઈને ઉર્મિલાબેનને પાળી પર બેસાડી મહિલાએ કહ્યું કે માજી એકલા હોય ત્યારે ગળામાં સોનાની વસ્તુઓ પહેરવી નહીં. ત્યારબાદ આ મહિલા ઉર્મિલાબેન સાથે ઝપાઝપી કરી બે તોલા વજનનું સોનાનો ડોકિયું તોડીને ભાગી ગઈ હતી. ઉર્મિલાબેનને ઘરે જઈને પરિવારજનોને વાત કરી હતી.

### જિલ્લા શિક્ષણ અધિકારીનો વિદ્યાર્થીલક્ષી નિર્ણય

## સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યાના એક અઠવાડિયા બાદ ફરીથી શિક્ષણ કાર્ય શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યાના એક અઠવાડિયા બાદ ફરીથી શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. જોકે, આ શિક્ષણ કાર્ય હાલ પૂરતું ઓનલાઈન જ શરૂ કરવામાં આવ્યું છે. ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્લાસ શરૂ કરી દેવામાં આવ્યા છે, જ્યારે ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે હાલ કોઈ શિક્ષણ કાર્ય શરૂ કરાયું નથી.વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને સરકારે આ મામલે મોટો નિર્ણય લીધો છે. વિદ્યાર્થીઓનું શિક્ષણ ખોરવાય નહીં તે માટે વચગાળાના આયોજનની શરૂઆત કરવામાં આવી છે. આ માટે DEO (જિલ્લા શિક્ષણ અધિકારી) કચેરીના ચાર અધિકારીઓની એક ટીમને સ્કૂલમાં ડેપ્યુટ કરવામાં આવી છે. આ ટીમ વાલીઓના પ્રશ્નોનું નિરાકરણ કરશે અને જે વાલીઓ પોતાના બાળકનો પ્રવેશ સેવન્થ ડે સ્કૂલમાંથી રદ કરાવીને અન્ય સ્કૂલમાં દાખલ કરવા ઈચ્છતા હશે તો તેમને મદદ કરશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, હાલમાં સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (LC) વિના પણ વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં પ્રોવિઝનલ એડમિશન આપીને તેમનો અભ્યાસ શરૂ કરાવી દેવામાં આવશે. DEO દ્વારા મણિનગર અને તેની આસપાસની શાળાઓને આ અંગે સૂચના પણ આપવામાં આવી છે કે તેઓ સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીઓને સરળતાથી પ્રવેશ આપે.વાલીઓ હવે સીધા DEO કચેરીના અધિકારીઓનો સંપર્ક કરીને તેમના બાળકનું એડમિશન સેવન્થ ડે સ્કૂલમાંથી કઢાવીને અન્ય સ્કૂલમાં મેળવી શકશે. આ પગલાંથી વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહીં તેની ખાતરી કરવામાં આવી છે.

## વડોદરામાં ગણેશ વિસર્જન માટે નવલખી કૃત્રિમ તળાવ પાણીથી ભરવાનું ચાલુ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં ગણેશ મહોત્સવને અનુલક્ષીને તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તારીખ ૨૭ થી ગણેશ મહોત્સવનો પ્રારંભ થશે અને ત્યારથી જ દિવસો મુજબ તબક્કા વાર ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન પણ શરૂ થઈ જશે.

શહેરમાં કોર્પોરેશન દ્વારા દર વર્ષની આઠ જેટલા માફક કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યા છે. જેમાં સૌથી મોટું નવલખી ખાતેનું કૃત્રિમ તળાવ છે, જ્યાં છેલ્લા એકાદ મહિનાથી તૈયારીઓ ચાલી રહી છે.હાલ તળાવ ફરતે રેલિંગ અને તેની બહાર પણ સેફટીને ધ્યાનમાં રાખી સેફટી બેરીકેડ બનાવવા ઉપરાંત સીસીટીવી ગોઠવવાની કામગીરી પણ ચાલી રહી છે. અહીં મૂર્તિ વિસર્જન માટે તરાપા રાખી દેવામાં આવ્યા છે.

### શિનોરમાં ગાંજાનું ખેતર ઝડપાયું

## શિનોરમાંથી SOGએ ૨૬ કિલો ગાંજો ઝડપી પાડ્યો

### પોલીસે એકની ધરપકડ કરી એક આરોપી વોન્ટેડ જાહેર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના શિનોરમાં ગાંજાનું ખેતર ઝડપાયું છે. મીંઢોડામાંથી SOG ટીમે રમણ પાટણવાડીને ઝડપ્યો છે. આરોપીએ પોતાના ઘરની પાછળ જ ગાંજા ખેતી શરૂ કરી હતી. આરોપી છેલ્લા એક વર્ષથી ગાંજો ઉગાડતો હોવાનું અનુમાન છે.

પોલીસે ૨૬ કિલો ગાંજો ઝડપી પાડ્યો છે. આ સાથે એકની ધરપકડ કરી એક આરોપી વોન્ટેડ જાહેર કર્યો છે. લો બોલો ગાંજો પીવા ગાંજાની ખેતી કરતો ગંજેડી ઝડપાયો છે. શિનોરના મીંઢોડ ગામમાં રમણ પાટણવાડી નામના શખ્સે પોતાના ઘરની પાછળ ગાંજાની ખેતી કરી રહ્યો હતો.

ગાંજાની ખેતી કરતા હોવાની બાતમી મળતા ગ્રામ્ય એસ. ઓ. જીની ટીમે દરોડા પડ્યા હતા. પોલીસે દરોડા પાડી ગાંજાની ખેતી કરતા એક આરોપીને ઝડપી લીધો છે. જ્યારે એક આરોપીને વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી છેલ્લા એક વર્ષથી ગાંજો ઉગાડતો હતો. આરોપી પોતે ગાંજાનો બંધાણી હોવાથી ગાંજો ઉગાડતો હોવાની કેફીયત વર્ણવી છે. પોલીસે બાતમીને આધારે દરોડો પાડી ૨૬ કિલો ગાંજો ઝડપી પાડ્યો છે. પોલીસે ૨ લાખ ૬૧ હજારનો ગાંજો જપ્ત કરી રમણ પાટણવાડીયાની ધરપકડ કરી અન્ય એકને વોન્ટેડ જાહેર કર્યો છે.

### સહેલાણીઓ માટે રિવરફ્રન્ટ વોક વે બંધ કરવામાં આવ્યો

## ઝુંડાલ ગરનાળામાં પાણી ભરાયા, વાહનચાલકો પરેશાન

### પેરાફીટ તૂટતા રિવરફ્રન્ટ પર ગ્રીન વેસ્ટના ઢગલા જોવા મળી રહ્યા છે

### AMC દ્વારા ગ્રીન વેસ્ટને હટાવવાની કામગીરી હાલમાં શરૂ કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગઈકાલે અમદાવાદ શહેરમાં વરસેલા ભારે વરસાદ બાદ અનેક જગ્યાઓ પર વરસાદી પાણીનો ભરાવો થયો છે.

ત્યારે શહેરના ઝુંડાલ ગરનાળામાં વરસાદી પાણી ભરાયા હોવાની સમસ્યા સામે આવી છે. વરસાદી પાણી ભરાતા બંને તરફના માર્ગો બંધ કરવામાં આવ્યા છે. ગઈકાલે ગરનાળામાં વાહનો ફસાયા હતા. વરસાદે વિરામ લીધાના અનેક કલાકો બાદ પણ પાણીનો નિકાલ કરવામાં આવ્યો નથી.

બીજી તરફ અમદાવાદમાં સાબરમતી નદીમાં પાણીની આવક વધી છે. જેને લઈને સહેલાણીઓ માટે રિવરફ્રન્ટ વોક વે બંધ કરવામાં આવ્યો છે. ગઈકાલે પાણીના પ્રવાહમાં વોક વેની પેરાફીટ પણ તૂટી ગઈ છે. પેરાફીટ તૂટતા રિવરફ્રન્ટ પર ગ્રીન વેસ્ટના ઢગલા જોવા મળી રહ્યા છે. AMC દ્વારા ગ્રીન વેસ્ટને હટાવવાની કામગીરી હાલમાં શરૂ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ધરોઈ ડેમમાંથી ૬૪,૧૪૪ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે. પાણીનું લેવલ જળવાઈ રહે તેની તકેદારી માટે AMCની ટીમ ખડે પગે જોવા મળી રહી છે.

### ટોળાએ એકને ઝડપી પાડ્યો

## ડેરીના ટેમ્પો ડ્રાઈવર અને સાગરીતોએ સ્કૂટર સવાર દંપતિને દોડાવીને માર્યા

### પોલીસે હુમલાખોરો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના હરણી રોડ વિસ્તારમાં ગઈ મોડી સાંજે અમૂલના ટેમ્પો ડ્રાઈવર તેમજ તેના સાગરીતોએ પતિ-પત્નીને ટક્કર મારવાનો પ્રયાસ કરી બંનેને દોડાવી દોડાવીને મારતા રોષે ભરાયેલા ટોળાએ એક હુમલાખોરને ઝડપી પાડ્યો હતો.

વારસિયાના હરેકૃષ્ણ ડુપ્લેક્સ ખાતે રહેતા પવન મોતી રામાણી નામના વેપારી યુવકે પોલીસને કહ્યું છે કે, ગઈકાલે હું મારી પત્ની સાથે સ્કૂટર ઉપર પાવાગઢ દર્શન કરી પરત ફરતો હતો ત્યારે હરણી લેકઝોન પાસે એક કાર આગળ જતી હોવાથી મેં બ્રેક મારી હતી.

જેથી પાછળ આવતા અમૂલના ટેમ્પા ચાલકે મને હોર્ન સંભળાતું નથી તેમ કહી ટક્કર મારવાનો પ્રયાસ કર્યો હતો.ત્યારબાદ હું મારી પત્નીને લઈ ટેમ્પોથી બચીને આગળ ચાલ્યો ગયો હતો. અમે એરપોર્ટ સર્કલ પાસે ટ્રાફિક સિગ્નલ પર ઉભા હતા ત્યારે ટેમ્પાનો ડ્રાઈવર અને ત્રણ જણા દોડી આવ્યા હતા અને સ્કૂટરની ચાવી કાઢી લીધી હતી.

હુમલાખોરોએ અમને ગાળો ગાંડી હતી અને મને તેમજ મારી પત્નીને લાકડીઓથી ફટકારવા માંડ્યા હતા. તેમણે સ્કૂટરને પણ લાકડીઓ મારી નુકસાન કર્યું હતું. અમે બચવા માટે ભાગ્યા તો અમારી પાછળ દોડીને દંડાઓના ફટકા માર્યા હતા. અમે મારામારીમાંથી બચવા માટે કરતા લોકો ભેગા થઈ ગયા હતા અને હુમલાખોરોમાંથી પ્રકાશ વિજયભાઈ રાજપુત (રહે-વિમાના દવાખાના પાછળ, વારસિયા)ને ઝડપી પાડ્યો હતો. જ્યારે બીજા ત્રણ હુમલાખોર ભાગી ગયા હતા. પોલીસે હુમલાખોરો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### સવારથી ૧૦ કિલોમીટરનો જામ

## વડોદરા-કરજણ હાઈવે પર ટ્રાફિક વ્યવસ્થા પડી ભાંગી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

મુંબઈ-અમદાવાદ હાઈવે ઉપર વડોદરાથી કરજણ વચ્ચે ટ્રાફિક વ્યવસ્થા રોજેરોજ તૂટી રહી છે ત્યારે આજે સવારથી ૧૦ કિલોમીટર જેટલો જામ લાગતા વાહન ચાલકો પરેશાન થઈ ગયા છે. વડોદરાથી કરજણ વચ્ચે બે વર્ષથી ચાલતી ટ્રાફિક સમસ્યા ઉકેલવામાં તંત્ર સદંતર નિષ્ફળ ગયું છે અને તેને કારણે રોજે રોજ હવે ટ્રાફિકજામ થવા માંડ્યો છે. છેલ્લા બે દિવસથી ચારથી પાંચ કિલોમીટરનો જામ થાય છે ત્યારે આજે ફરી એકવાર સવારથી ખાડાઓને કારણે ટ્રાફિક જામ થયો છે. આજે વડોદરા કરજણ આવતા પોરથી જાંબુઆ સુધી ૧૦ km સુધીનો ટ્રાફિક જામ થઈ ગયો છે. તો સામેની સાઈડે વડોદરાથી કરજણ જતા પોરથી બામણ ગામ વચ્ચે સાંકડા બ્રિજ અને ખાડાઓને કારણે ટ્રાફિકજામ થયો છે. લગભગ સવારે આઠ વાગ્યાથી જામ થયેલા વાહનો ૧૦:૩૦ વાગ્યા સુધી પણ ધીમે ધીમે આગળ વધી રહ્યા છે. આમ વડોદરા કરજણ હાઈવે પર ટ્રાફિકની વ્યવસ્થા સાવ જ પડી ભાંગી છે.

### પૂર્વ પતિએ મહિલાનું અપહરણ કર્યું

## ફિલ્મી ઢબે પરણિતાનું અપહરણ થતાં ખળભળાટ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં ફિલ્મી ઢબે પરણિતાનું અપહરણ થતાં ખળભળાટ મચી ગયો હતો. મળેલી માહિતી મુજબ સચિન GIDC વિસ્તારમાંથી પસાર થઈ રહેલી પરણિતાનું અપહરણ તેના પૂર્વ પતિ રાકેશ કિરાડ દ્વારા કરાયું હતું. આ અપહરણની ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ ગઈ હતી. પોલીસે તત્કાળ કાર્યવાહી કરીને છોટાઉદેપુર ચેક પોસ્ટ પરથી અપહરણકારના ચુંગાલમાંથી મહિલાને છોડાવી હતી અને અપહરણ કરનારા મહિલાના પૂર્વ પતિને ઝડપી લીધો હતો. સુરત શહેરના સચીન જીઆઈડીસી વિસ્તારમાં શુક્રવારે સાંજે એક મહિલા નોકરી પરથી છૂટીને ઘર તરફ જઈ રહી હતી ત્યારે રસ્તામાં તેનો પૂર્વ પતિ રાકેશ કિરાડ અચાનક જ બોલેરો લઈને ધસી આવ્યો હતો અને મહિલા કંઈ સમજે તે પહેલાં જ તેને બળજબરીથી બોલેરો પીકઅપ વાનમાં બેસાડીને તેનું અપહરણ કર્યું હતું અને પીકઅપ વાન લઈને ભાગી છુટ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ આ મહિલાને દોઢ વર્ષ પહેલા તેના પતિ રાકેશ સાથે છૂછાછેડા થયા હતા અને ત્યારબાદ તે અલગ રહેવા લાગી હતી. અને સાંજના સમયે નોકરી પરથી છુટીને તે ઘર તરફ જઈ રહી હતી ત્યારે પૂર્વ પતિ રાકેશે તેનું અપહરણ કર્યું હતું ઘટનાના પગલે લોકો એકત્ર થઈ ગયા હતા અને પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ પોલીસ પણ ચોંકી ઉઠી હતી અને આસપાસના સીસી ટીવી ફૂટેજ ચેક કરીને બોલેરો પીકઅપવાનનો નંબર મેળવ્યો હતો અપહરણ કરાયેલી મહિલાના ભાઈએ પોલીસમાં આ મામલે ફરિયાદ કરી હતી પોલીસે સમગ્ર વિસ્તારમાં વાહન ચેકીંગ અને નાકાબંધી કરી હતી. પોલીસે આસપાસના જિલ્લાઓને પણ જાણ કરી હતી અને તેના દ્વારા અપહરણકાર રાકેશ છોટાઉદેપુરના ખેરકુવા ચેક પોસ્ટ પાસેથી ઝડપાઈ ગયો હતો અને પોલીસે તેની પાસે બળજબરી રહેલી મહિલાને મુક્ત કરાવી હતી. પોલીસે ત્યારબાદ રાકેશની પુછપરછ શરુ કરી હતી જેમાં પોલીસને જાણવા મળ્યું હતું કે છૂટાછેડા થયા હોવા છતાં રાકેશ પોતાની પૂર્વ પત્ની સાથે ફરી રહેવા માંગતો હતો અને તેથી તેણે બળજબરી લઈ ગયો હતો. મહિલા અને રાકેશને સંતાનમાં ૧ દિકરી પણ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.